
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્માનંદ પ્રકાશ



આંખને કહો કે જ્યાં જ્યાં તારી નજર પડે, ત્યાં ત્યાંથી સૌંદર્ય શોધજે; કાનને કહો કે તું જે જે સાંભળે, તેમાંથી ઊંડા બોધપાઠ લેજે; જીભને કહો કે તું જે જે ઉચ્ચારે, તેમાં સત્ય ટપકાવજે; કાયાને કહો કે જ્યાં જ્યાં તું હાજરી આપે ત્યાં ત્યાં સેવાની સૌરભ પ્રસરાવજે.


| જેઠ | આત્મ સં. | વર્ષ : ૬૨ |
|---|---|---|
| ૨૦૨૧ | ૬૯ | અંક : ૮ |

: પ્રકાશક :
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૈપુલ્યના અર્થકારણથી સામાજિક શાંતિ મળશે એવી માકર્સવાદીઓની આશા માટે કોઇ પાયો જ નથી. માણુસ ‘રોટી’ માટે જેટલા ઝનૂનથી ઝગડે છે તેટલા જ ઝનૂનથી સત્તા અને કીર્તિ માટે પણ ઝગડશે.

ગ્રામ : “Jahangir”

ફોન નં. મીલ : ૨૮૦
બંગલો : ૩૨૮

ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.

મેનેજીંગ એજન્ટસ
મંગળદાસ જેસીંગભાઇ સન્સ પ્રા. લી.


પોસ્ટ બોકસ નં. ૨
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

3046

આ સભાના નવા માનવંતા પેટ્રન



સંઘવી શેઠ શ્રી સૌભાગ્યચંદ નવલચંદ શાહ ( દમણવાળા )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સંઘવી શેઠ શ્રી સૌભાગ્યચંદ નવલચંદ શાહ (દમણવાળા)

ધાર્મિક ઊંડા સંસ્કાર અને સાદાઈથી રંગાયેલા તથા પોતાના જ પુરુષાર્થથી જીવનમાં આગળ વધેલા શેઠ શ્રી સૌભાગ્યચંદભાઈનો જન્મ વિ.સં. ૧૯૬૫ના આષાઢ વદિ ચોથના રોજ ઉચ્ચ સંસ્કારી ધર્મિષ્ઠ શેઠ શ્રી નવલચંદ દીપચંદભાઈને ઘેર માતુશ્રી મણિબેનની કુક્ષિએ દમણમાં થયો હતો. તેમના જન્મ વખતે કુટુંબના સંયોગો સામાન્ય હતા. પરંતુ ત્યારબાદ વયમાં આવતાં શેઠ શ્રી સૌભાગ્યચંદભાઈ આપબળે પોતાનો ઉત્તરોત્તર વિકાસ સાધતા રહ્યા છે.

શ્રી સૌભાગ્યચંદભાઈનો ધાર્મિક અભ્યાસ પ્રકરણો સુધીનો છે. અને નવ લાખ નમસ્કારમંત્રનો જાપ અત્યારે ચાલુ છે. તેમનાં ધર્મપત્ની શ્રીમતી કુસુમબેન પણ સારી રીતે ધાર્મિક શ્રદ્ધા ધરાવે છે. તેમણે બંનેએ મળીને અઠ્ઠાઈઓ તથા જ્ઞાનપંચમી તપ કરેલાં છે, અને વર્ધમાન તપની ઓળીઓ તો ચાલુ છે. શ્રીમતી કુસુમબેને તો વીશ સ્થાનકની ઓળી તથા ઉપધાન તપ પણ કરેલ છે. આમ તો તેમનું આખું કુટુંબ ધાર્મિક રંગે રંગાયેલું છે. તેમના વડીલ બંધુ શ્રી ચંપકલાલભાઈના પુત્રી, તથા તેમનાં બેન, બેનની ચાર પુત્રીઓ અને બે પુત્રો–એમ સાએ ભાગવતી દીક્ષા અંગીકાર કરેલ છે.


સુરતની શ્રીવીશાશ્રીમાળી જ્ઞાતિનો શ્રી સિદ્ધાચળજી તથા શ્રી શંખેશ્વરજી તીર્થનો લગભગ હજાર ભાત્રિકોનો એક મોટો સંઘ ચાલુ વર્ષમાં બીજા ચાર સાથીદારો સાથે કાઢવામાં તેઓશ્રીએ ઉદાર દિલથી હિસ્સો આપ્યો હતો અને આ માટે જ્ઞાતિ વિગેરે તરફથી તેમને માનપત્ર આપવામાં આવ્યું હતું. શ્રી સંઘ લઈને આવ્યા તેજ પ્રસંગે શ્રી સિદ્ધાચળજી ઉપર શ્રી કપડવંજવાળા દેરાસરમાં શ્રી ચંદ્રપ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી તીર્થભક્તિ સાથે પ્રભુભક્તિનો પણ પરમ લાભ લીધો હતો. આ ઉપરાંત, તેઓશ્રી વર્ષોવર્ષ સહકુટુંબ જુદા જુદા તીર્થોની યાત્રાનો લાભ લેતા રહ્યા છે. પોતાના સંતાનોને ધાર્મિક ઉપરાંત ઉચ્ચ વ્યાવહારિક કેળવણી આપવામાં પણ તેઓશ્રી સારો રસ ધરાવે છે. અને સાથે સાથે તેઓમાં ઊંડા સંસ્કારો પણ ઉતાર્યા છે.

પોતાના સરળ સ્વભાવ અને મિલનસાર પ્રકૃતિથી તેઓશ્રીએ સારી એવી લોકપ્રિયતા પ્રાપ્ત કરેલી છે.

આવા એક ધર્મપ્રેમી સદ્‌ગૃહસ્થ અમારું આમંત્રણ સ્વીકારી આ સભાના પેટ્રન થયા છે અને એ રીતે અમારા કામમાં સહકાર આપ્યો છે તે બદલ અમે તેમનો આભાર માનીએ છીએ તેઓશ્રી જીવનના દરેક ક્ષેત્રે પ્રગતિ સાધતા રહે અને દીર્ઘાયુષ્ય ભોગવે તેવી શુભેચ્છાઓ દર્શાવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષ : ૬૨ મું ] તા. ૧૦ જુન ૧૯૬૫ [ અંક ૮

# જિ ન વા ણી

नाणं च दंसणं चेव
  चरित्तं च तवो तहा।
वीरियं उवओगो य
  एयं जीवस्स लक्खणं ॥

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, ઉપયોગ એ બધાં જીવનાં લક્ષણો છે.

नाणेण जाणइ भावे
  दंसणेण य सद्दहे ॥
चरित्तेण निगिण्हाइ
  तवेण परिसुज्झइ ।

સાધક જ્ઞાન વડે તથ્ય ભાવોને સમજી લે છે, પછી દર્શન વડે તેને તે ભાવો વિષે પાકી શ્રદ્ધા થાય છે. ચારિત્રદ્વારા સાધક નિયમનમાં રહે છે અને તપદ્વારા શુદ્ધ-પવિત્ર બને છે.

नाणं च दंसणं चेव
  चरित्तं च तवो तहा ।
एयं मग्गमणुपत्ता
  जीवा गच्छन्ति सोग्गइं ॥

જ્ઞાન અને દર્શન, ચારિત્ર અને તપ-એ માર્ગને બરાબર પામેલા જીવો સારી ગતિને (વીતરાગ દશાને) પામે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચિંતનકણિકા

# જ્ઞાની, અજ્ઞાની અને શુષ્કજ્ઞાનીની વાણીમાં ભેદ

લે. જિજ્ઞાસુ

૧ જે જ્ઞાનમાં દેહાદિ અધ્યાસ મટ્યો છે, અને અન્ય પદાર્થને વિશે અહંતા-મમતા વર્તતા નથી, તથા ઉપયોગ સ્વભાવમાં પરિણમે છે, અર્થાત્ જ્ઞાનસ્વરૂપપણું ભજે છે, તે જ્ઞાનને નિરાવરણજ્ઞાન કહેવા યોગ્ય છે.

૨ સર્વ જીવોને એટલે સામાન્ય મનુષ્યોને જ્ઞાની અજ્ઞાનીની વાણીનો ભેદ સમજાવો કઠણ છે. એ વાત યથાર્થ છે; કેમકે કોઈક શુષ્કજ્ઞાની શીખી લઇને જ્ઞાનીના જેવો ઉપદેશ કરે, એટલે તેમાં વચનનું સમતુલ્યપણું જોયાથી શુષ્કજ્ઞાનીને પણ સામાન્ય મનુષ્યો જ્ઞાની માને, મંદદશાવાન મુમુક્ષુ જીવો પણ તેવાં વચનથી ભ્રાંતિ પામે; પણ ઉત્કૃષ્ટ દશાવાન મુમુક્ષુ પુરુષ શુષ્કજ્ઞાનીની વાણી જ્ઞાનીની વાણી જેવી શબ્દે જોઈ પ્રાયે ભ્રાંતિ પામવા યોગ્ય નથી, કેમકે શુષ્કજ્ઞાનીની વાણીમાં આશયે જ્ઞાનીની વાણીની તુલના હોતી નથી.

જ્ઞાનીની વાણી પૂર્વાપર અવિરોધ, આત્માર્થ ઉપદેશક, અપૂર્વ અર્થનું નિરૂપણ કરનાર હોય છે, અને અનુભવ સહિતપણું હોવાથી આત્માને સતત જાગૃત કરનાર હોય છે. શુષ્કજ્ઞાનીની વાણીમાં તથારૂપ ગુણો હોતા નથી; સર્વથી ઉત્કૃષ્ટ ગુણ જે પૂર્વાપર અવિરોધપણું તે શુષ્કજ્ઞાનીની વાણીને વિશે વર્તવા યોગ્ય નથી, કેમકે યથાસ્થિત પદાર્થદર્શન[1] તેને હોતું નથી; અને તેથી ઠામઠામ કલ્પનાથી યુક્ત તેની વાણી હોય છે.

એ આદિ નાના પ્રકારના ભેદથી જ્ઞાની અને શુષ્કજ્ઞાનીની વાણીનું ઓળખાણ ઉત્કૃષ્ટ મુમુક્ષુને થવા યોગ્ય છે. જ્ઞાનીપુરુષને તો સહજસ્વભાવે તેનું ઓળખાણ છે કેમકે પોતે ભાનસહિત છે, અને ભાનસહિત પુરુષ વિના આ પ્રકારનો આશય ઉપદેશી શકાય નહીં, એમ સહેજે તે જાણે છે.

અજ્ઞાન અને જ્ઞાનનો ભેદ જેને સમજાયો છે, તેને અજ્ઞાની અને જ્ઞાનીનો ભેદ સહેજે સમજાવા યોગ્ય છે. અજ્ઞાન પ્રત્યેનો જેનો મોહ વિરામ પામ્યો છે, એવા જ્ઞાનીપુરુષને શુષ્કજ્ઞાનીનાં વચન ભ્રાંતિ કેમ કરી શકે? બાકી સામાન્ય જીવોને અથવા મંદદશા અને મધ્યમદશાના મુમુક્ષુને શુષ્કજ્ઞાનીનાં વચનો સાદૃશ્યપણે જોવામાં આવ્યાથી બંને જ્ઞાનીનાં વચનો છે એમ ભ્રાંતિ થવાનો સંભવ છે. ઉત્કૃષ્ટ મુમુક્ષુને ઘણું કરીને તેવી ભ્રાંતિનો સંભવ નથી, કેમકે જ્ઞાનીના વચનોની પરીક્ષાનું બળ તેને વિશેષપણે સ્થિર થયું છે.

પૂર્વકાળે જ્ઞાની થઈ ગયા હોય, અને માત્ર તેની મુખવાણી રહી હોય તોપણ વર્તમાનકાળે જ્ઞાનીપુરુષ એમ જાણી શકે કે આ વાણી જ્ઞાનીપુરુષની છે; કેમકે રાત્રિદિવસના ભેદની પેઠે અજ્ઞાની- જ્ઞાનીની વાણીને વિશે

(પૃ. ૧૪૨ ઉપર ચાલુ)

[1] જડ-ચેતનનું નિશ્ચિત ભેદજ્ઞાન.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનનું સાચું મૂલ્ય

પૂ. શ્રી કેદારનાથજી

સર્વ પ્રાણીમાં મનુષ્ય જીવન શ્રેષ્ઠ છે. એ શાથી? શું આપણને વાણી મળી છે તેથી? નહીં, આપણને બુદ્ધિ મળી છે એથી–જે બુદ્ધિની સહાયથી માણસે કલા, વિજ્ઞાન, ને વિદ્વત્તા, ધર્મ વગેરે પ્રાપ્ત કર્યાં છે. આથી માનવી જો શ્રેષ્ઠ હોય તો એ જીવન કેટલું કિંમતી છે એ તમારે સમજી લેવું જોઇએ. અને તમને ઇશ્વર તરફથી મળેલી મનુષ્ય જીવનની આ મહામૂડીનો તમારે સદુપયોગ કરવો જોઇએ.

બાળકના હાથમાં બેટરી આપવામાં આવે તો તે તેમ તેનો ઉપયોગ કરશે. પણ મોટાઓ અંધકારમાંથી રસ્તો અથવા વસ્તુ શોધવા તેનો ઉપયોગ કરશે. તેજ રીતે આપણને મળેલું આ શરીર અંધકારમાંથી પ્રકાશ તરફ જવા, કલ્યાણ પ્રાપ્તિના સાધન તરીકે વાપરવાનું છે.

આ શરીરની કેટલી કિંમત છે તે આપણે સમજી શકતાં નથી. જ્યાં સુધી આપણે એ ન સમજીએ ત્યાં સુધી આપણે એનો યોગ્ય ઉપયોગ ન કરી શકીએ. શરીર તો દરેકને મળે છે. રાજા હોય કે રંક હોય, વિદ્વાન હોય કે નિરક્ષર હોય, પણ એ શરીર સાર્થક ન થાય ત્યાં સુધી ગમે તેને મળેલું એ શરીર નકામું છે. એ શરીર છે ત્યાં સુધીમાં તેને સાર્થક કરી લેવું ઘટે. એને આપણે એના નિશ્ચિત સમયથી એક ક્ષણ પણ વધારે ટકાવી શકવાના નથી. જેણે આખા જગત પર વિજય મેળવ્યો હોય તે પણ મૃત્યુ આગળ લાચાર છે, ગમે તેવો મહા પ્રતાપી પણ જગતમાં બધું જ છોડીને જવાનો છે. પોતાની મોટી મોટી મહત્ત્વાકાંક્ષાને સંતોષવા લાખો કરોડો માનવીઓને દુઃખી દુઃખી કરનાર પણ આખરે તો ખાલી હાથે જ જવાનો છે. મહાન સિકંદરે મૃત્યુ સમયે પોતાના જીવન તરફ દ્રષ્ટિ કરતાં તેના સંબંધીઓને કહ્યું હતું કે "મને દફનાવતી વખતે મારા હાથ કફનની બહાર રાખજો. જેથી જગત જોઇ શકે કે, આખી પૃથ્વીનો સ્વામી થનાર પણ આ જગતમાંથી ખાલી હાથે જ વિદાય લે છે."

## જીવનનું ખરૂં મૂલ્ય શું છે?

જો આ બધું જ છોડીને જવાનું હોય તો આ જીવનનું ખરૂં મૂલ્ય શું છે એ પણ જાણી લેવું જોઇએ. જીવતમાં ધર્મયુક્ત આચરણ કરવું એ જ જીવનની કિંમત સમજવા બરાબર છે. આપણે જે વર્તન કરીએ, જે ક્રિયા કરીએ, જે બોલીએ તે સર્વ ઉચિત છે કે અનુચિત તે સમજવું જરૂરી છે. એ ઉચિત અનુચિતની સમજણ તેજ ધર્મ.

ધર્મ મનુષ્ય જીવનમાં શ્રેષ્ઠ છે. ધર્મને અનુરૂપ આચરણ કરીએ ત્યારે જ જીવન સાર્થક થયું ગણાય.

આપણું કાર્ય યોગ્ય છે કે નહિ એ આપણી જ ઇચ્છા કે દ્રષ્ટિ અનુસાર જોવાનું નથી. ધર્મ જેને યોગ્ય ગણે તેજ યોગ્ય કહેવાય. મહાન પુરૂષો જેમણે જીવનનો વિચાર કર્યો છે, જીવનના ઉદ્ધારનો મનસુબો કર્યો છે એને જ ધર્મ શું છે અને શું નથી એનો ખ્યાલ છે. એથી યોગ્યાયોગ્યનો ભેદ બતાવવાનો અધિકાર પણ એમનો છે. બીજા એ બતાવી ન શકે.

---

( પૃષ્ઠ ૧૪૧ના અનુસંધાનમાં )

**આશયભેદ હોય છે, અને આત્મદશાના તારતમ્ય પ્રમાણે આશયવાણી નીકળે છે.** તે આશય, વાણી પરથી વર્તમાન જ્ઞાનીપુરુષને સ્વાભાવિક દૃષ્ટિગત થાય છે. જ્ઞાનીનાં વચનોની પરીક્ષા સર્વ જીવને સુલભ હોત તો નિર્વાણ પણ સુલભ જ હોત."—પત્રાંક ૯૭૯.

**—આત્મજ્ઞ શ્રીમદ્ સંત રાજચંદ્રજી**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમ વૈદ જ રોગીને કહી શકે કે એણે શું ખાવું યોગ્ય નથી, કારણ આરોગ્ય દ્રષ્ટિથી એ એ બતાવી શકે છે, તેજ રીતે શ્રેષ્ઠ મનુષ્યો ધર્મ દ્રષ્ટિથી યોગ્યા-યોગ્યતાનો જે ભેદ કરી ગયા છે તે જ ઉચિત સમજવું જોઇએ. તેઓ જેને સારૂં કહે તે જ સારૂં ગણવું. આપણી મરજીમાં આવે તે સારૂં ન ગણવું, તેવીજ રીતે ધર્મસિદ્ધાંતોના મનફાવે તેવા અર્થ પણ કરવાનો આપણને અધિકાર નથી. વૈદે કહ્યું હોય દૂધ પીવાને વાંધો નથી. દૂધમાં સાકર નાખવાનો કે, ભાત ખાવાનો વાંધો નહી. તો એ ત્રણે ચીજો મેળવી દૂધપાક બનાવીને ન ખવાય, આપણી લાલસા, તૃષ્ણાતૃપ્તિને અનુકૂળ થાય એવી રીતે મહાન માણસોનાં વચનોના અર્થ ન કરાય.

શરીરથી જે પ્રાપ્ત કરવાનું છે તે કલ્યાણ. આપણે જીવનની સાર્થકતા ઇચ્છતા હોઇએ તો સવારથી સાંજ સુધીમાં આપણે કેટલી ભૂલો કરી તે રોજ તપાસતાં રહેવું અને એવી ભૂલોની પરંપરાને નિવારવા પ્રયત્ન કરવો. ભૂલ તો થાય, પણ તેના વિષેની જાગૃતિ આપણને એમાંથી બહાર લાવશે.

## ખરાબ એ સર્વ માટે નિષિદ્ધ છે

સત્ય વચન, પ્રામાણિકતા એ સહુ ધર્માચરણ કહેવાય અને આમ તો ધર્મ સહુને પ્રિય છે. કારણ કોઇ ચોરી, જૂઠ કે ખરાબ વર્તાવને સારું કહેતું નથી. ચોર પોતે પણ ચોરીને સારી તો કહેતો જ નથી. ગમે તેવી કુશળતાથી ખરાબ કાર્ય કર્યું હોય પણ ખરાબ એ ખરાબ જ છે ને એવી કુશળતા માટે કોઇ એનો આદર કરતું નથી. તો જે કામ ખરાબ છે એ સર્વ માટે નિષિદ્ધ જ છે. વળી આપણું આચરણ સારું છે એમ ન સમજવું જોઇએ. આપણે બીજા સાથે જે રીતે વર્તીએ એ જ રીતે બીજા આપણી સાથે વર્તે ત્યારે આપણને જો એ પસંદ ન પડે તો આપણું વર્તન યોગ્ય નહોતું એમ સમજવું જોઇએ. જો મને કોઇ મારે એ ન ગમે તો મારાથી બીજાને મરાય જ નહીં.

મનુષ્યને માથે પાપપુણ્યનો ભાર છે. પ્રાણીને માથે એવો ભાર નથી. કારણ માણસમાં બુદ્ધિ છે. એથી એણે જીવનની શું કિંમત છે એ સમજવું જોઇએ. તમારે તમારી જિંદગીનો હેતુ એનો ઉપયોગ સમજવો જોઇએ. તમે જાણો છો કે એક રૂપિયાની કેટલી કિંમત છે. એમાંથી શાકભાજી આવે, સીનેમા પણ જોવાય, કે કોઇનું દુઃખ પણ નિવારી શકાય. સારો ઉપયોગ કરવો એ તમારા હાથની વાત છે. તે જ પ્રમાણે જીવનની કિંમત સમજીને એનો સારો ઉપયોગ કરવો એ તમારા હાથની જ વાત છે.

મહાવીર, બુદ્ધ, સંત તુકારામ, નાનક, મહાત્મા ગાંધી, એ બધાના જીવનની કિંમત કોણ કરી શકે એમ છે ! જીવનને સાર્થક કરવા સારું આચરણ અને સારી સંગીત જરૂરી છે. અને દંભ, દમામ છોડવાની જરૂર છે. ખૂબ એક મૂર્ખ માણસ પાસે પિતાના મૃત્યુથી પૈસા હાથમાં આવ્યાં. તેણે પોતાના પૈસાનો પ્રભાવ બતાવવા મિત્રોને ચા–પાણી પીવા બોલાવ્યાં અને નોટો બાળી ચહા કરી. આને હું મૂર્ખતા સિવાય બીજું કશું ન કહું. આ જાતના પ્રદર્શનો, પૈસાના વૈભવના આજકાલ ખૂબ ખૂબ થાય છે. લગ્નમાં ઝાડ પર બત્તી કરવામાં આવે છે. ભાઈ એની શી જરૂર ? એ શું આવશ્યક છે ? એ મૂર્ખાઇ છે. આપણે કમાયા એ માત્ર આપણું જ ધન છે એમ માનવું એ ખોટું છે.

## શ્રેષ્ટ મનુષ્યોની સંગત શોધો

શ્રેષ્ઠ બનવા શ્રેષ્ઠ મનુષ્યોની સંગત શોધો. પતનને માર્ગે જવું હોય તો એવો સંગ કેળવો. તમારે પોતાને એ વિચારવાનું છે. ઇશ્વરે તમારામાં એ શક્તિ મૂકી છે કે, તમે જાતે તમારું જીવન ઘડી શકો. પણ એક ખરાબ કામ બીજું ખરાબ કામ કરવા પ્રેરશે. તમારે શું થવું છે તે વિચારી લેવું. જો ખાવા–પીવા પહેરવામાં જ તમને જીવનની સાર્થકતા દેખાતી હોય તો જુદી વાત છે.

પણ તમે શું ઇચ્છો, ભગવાન પાસે શું માગો

( પૃષ્ઠ ૧૫૪ ઉપર ચાલુ )



For Private And Personal Use Only

# અહંકાર

શ્રી સુંદરજી રૂગનાથ બારાઈ

શાશ્વત સુખના માર્ગનો અવરોધ કરનાર શત્રુ—અહંકાર છે. અહંકારરૂપી અંધકારમાં ડૂબેલો માનવી સ્વદર્શન કદી પણ કરી શકતો નથી. કારણ કે આવો માનવી દરેક પ્રશ્નોમાં પોતાનું જ વર્ચસ્વ, ગૌરવ અને પદ જોવા ટેવાયેલો હોય છે.

ભારતીય જનતાના જીવનપ્રવાહમાં આજ એ અહંકારની તોફાની લહર નાચી રહી છે. એ લહર માત્ર તોફાની નથી, પરંતુ જીવનનાં ઉચ્ચ તત્ત્વોને ઘસડી જનારી પણ છે. આ અહંકાર આજ માનવીની સદ્વૃત્તિઓને પીંખી રહ્યો છે, અને કોઈ શિકારી પોતાના અચૂક નિશાન વડે નિર્દોષ પ્રાણીનો સંહાર કરે, તેમ વિરાટ બની રહેલી અહંભાવના પણ શિકારીની માફક પ્રાણ વચ્ચે પુરાયેલા નિર્મળ અને નિર્દોષ પ્રાણીનો સંહાર કરી રહેલ છે. આજ નાનામાં નાનો માનવી પણ અહંકારને આધીન બની આત્માની સ્વાભાવિક વિનમ્રતાને વટાવી રહ્યો છે. 'હું દાતા છું, હું ભોક્તા છું, હું રૂપવાન છું, હું ધનવાન છું.' એ માન્યતા ધરાવતો પુરુષ પોતાને જ સર્વ ગુણનો આધારસ્તંભ માને છે.

લોકદ્રષ્ટિએ જોઈએ તો આજે દુનિયામાં અહંભાવનું વધુમાં વધુ પરિબળ દેખાશે. એક નાનું બાળક પણ આજ પોતાને નિપૂણ માનતું હોય છે. ઘરનો મોવડી હોય કે નાતનો પટેલ હોય, કે કોઈ ટોળકીનો આગેવાન હોય. જો આપણે એના જીવન પ્રત્યે ઊંડો અભ્યાસ કરશું તો દેખાશે કે માનરૂપી ચરસનો નશો એને એવો ચગાવી રહ્યો છે કે તે પોતાના મૂળ સ્વરૂપને, અથવા આત્મસ્વભાવને અથવા પોતાના સ્વાભાવિક ગુણોને જોવા, જાણવા કે, વિકસાવવા જેટલો ય નિવૃત્ત થઈ શકતો નથી—સજાગ બની શકતો નથી.

જગતમાં જે પોતાનું કલ્યાણ વિચારીને સાધી શકતા નથી તે કોઈ કાળે પર—કલ્યાણ સાધી કે વિચારી શકતા જ નથી. પરંતુ આજની ભૌતિક સંસ્કૃતિ અનોખી છે. આજ માનવી નિજની ચિંતા જ કરતો નથી, સારા યે વિશ્વની વાતો કરતો હોય છે અને નવાઈની વાત તો એ હોય છે કે, આજની સંસ્કૃતિથી પાગલ બનેલાઓ પોતાને અન્ય કરતાં મહાન અને વિશેષ માનતા હોય છે. માન હોવું એ તો આજ જાણે એક પ્રકારની વિશિષ્ટતા ગણાઈ રહી છે. જેમ આજના સંસ્કારો વિલાસને કળા મનાવતા હોય છે અને લુચ્ચાઈને બુદ્ધિનું ગૌરવ ગણાવતા હોય છે, તેમ માનરૂપી અહંકારને તે જીવનની શોભા લેખાવતા હોય છે. કારણ કે મોટા માન પર ચડેલા મૂઢ માનવી સમગ્ર વિશ્વને તૃણ સમાન લેખે છે, અને પોતે પોતાના આત્માને મેરૂથી પણ મહાન માને છે.

અહંકાર રૂપી વિષ માનવીને માત્ર કલ્પનાથી જ મોટો બનાવે છે; વાસ્તવિક રીતે તો માનવી વધુમાં વધુ નાનો, ક્ષુદ્ર અને જંતુ કરતાં યે પામર બનતો જતો હોય છે. દાખલા તરીકે કોઈની સેવા કરવી અથવા પરમાર્થ કરવો, અથવા પરહિત ખાતર સમય આપવો; એ એક એવો પ્રયોગ છે કે, જેમાંથી માનવી માનવિહોણો બની શકે, વધારે વિશુદ્ધ બની શકે અને પ્રકાશની વધારે નજીક આવી શકે. પરંતુ પ્રકાશ પાસે લઈ જનારાં આ નિર્મળ તત્ત્વો પણ આજની સડેલ સંસ્કૃતિએ અભડાવી મૂક્યાં છે. આજે સેવાનો બદલો લેવાય છે, સેવા કરનારમાં અહંકારનો અંધકાર ઊભરાતો હોય છે અને ખરી રીતે જેમાં પોતાના જ સ્વાર્થની વધુમાં વધુ સેવા થતી હોય છે, તેને જ લોકસેવાના નામે ગાવામાં આવતી હોય છે!

આપણાં રોજબરોજના જીવનનો જ એક દાખલો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિચારીએ. સુખ મેળવવા માટે પ્રત્યેક માનવી પ્રયત્ન કરતો હોય છે; દુઃખ મેળવવા માટે કોઈના પ્રયાસ હોતા નથી-અરે મનમાં એની ઇચ્છા સરખી પણ હોતી નથી. છતાં સુખ મેળવવાના સમજપૂર્વકના પુરુષાર્થને અંતે પણ દુઃખ જ આવી પડે છે. અને દુઃખમાં ડૂબેલાઓ સામાન્ય પ્રયાસે સુખ પણ મેળવી શકે છે! આમ શા માટે બને છે? પ્રવૃત્તિ સુખ મેળવવાની છે, ઇચ્છા પણ સુખની છે, દુઃખના પડછાયાની પણ કલ્પના નથી, છતાં સુખ મળતું નથી—દુઃખ જ મળે છે. આમાં વધારે ખૂબી તો એ છે કે, શુભ કર્મના યોગે કદી પ્રયત્ન કરતાં સુખ પ્રાપ્ત થયું, અથવા ઇચ્છાની તૃપ્તિ થઇ, તો એ માનવી કહેશે કે 'આ સુખ મેં પ્રાપ્ત કર્યું છે. મારા પુરુષાર્થનું એ પરિણામ છે.'

અને જ્યારે દુઃખ આવી પડે છે ત્યારે? ત્યારે પણ અજ્ઞાન રૂપી અહંકારની લહર પોતાનું સ્વરૂપ પ્રકાશે છે. દુઃખ પામતો માનવી પણ એ વિચાર નથી કરતો કે, "આ કોઇનું દીધેલું નથી, કોઇના પ્રયાસથી આવેલું નથી, મારા જ કર્મનું ફળ છે, મારા જ પ્રજ્ઞાપરાધનું પરિણામ છે."

ના...અહંકાર પર નાચતો માનવી આમ નહિ વિચારે. એ દુઃખની પાછળ રહેલાં નિમિત્તોને જ કારણ માનશે અને એ નિમિત્તો પર વૈરવૃત્તિ રાખવાનું એક નવું પાપ આચરવા માંડશે. આપણા મહાન શાસ્ત્રકારોએ અતિ સ્પષ્ટ કહી નાખ્યું છે કેઃ—

**सुखस्य दुःखस्य न कोऽपि दाता,**
**परो ददातीति कुबुद्धिरेषा।**
**अहं करोमीति वृथाभिमानः,**
**स्वकर्मसूत्रे ग्रथितो हि लोकः॥**

કેટલું સ્પષ્ટ દર્શન છે?

"સુખ અને દુઃખ આપનાર બીજું કોઇ છે નહિ. સુખદુઃખનો દેનાર અન્ય કોઇ છે એવું માનવું એ જ મોટું અજ્ઞાન છે-કુબુદ્ધિનું સ્વરૂપ છે. 'હું કરું છું' એમ જાણવું એ તો વૃથા અભિમાન છે ઘોર અજ્ઞાન છે. કારણ કે બધાં પ્રાણીઓ પોતપોતાનાં કર્મબંધન વડે જ જકડાયેલાં છે."

આ શુભાશુભ કર્મોના ફળરૂપે જ લોકો સુખદુઃખ ભોગવતા હોય છે, પરંતુ જ્યારે અહંકારની લહર જીવનના પ્રવાહમાં નાચવા માંડે છે ત્યારે સદ્દવૃત્તિઓનો, જ્ઞાનનો અને નિર્મળ ન્યાયદૃષ્ટિનો ક્ષય થવા માંડે છે. પશુતાને વશ બનેલો માનવી પશુબળનો જ આશક થતો જાય છે. માનવીના પ્રાણમાં જાગેલો અહંકાર—જીવતી બનેલી માનની લાલસા જ તેને અવળે માર્ગે દોરી જાય છે.

અહંકાર એ આત્મદર્શન ઝંખતા માનવી આડો એક ભયાનક અંધકાર છે. તેને અળગો કર્યા વગર શાશ્વત સુખનો પ્રકાશમય માર્ગ મળી શકતો નથી. રાવણ જેવો સમર્થ, શક્તિવંત સમૃદ્ધિશાળી અને મહાજ્ઞાની પુરુષ પણ કેવળ અહંકારને વશ થવાથી રામને હાથે રોળાઇ ગયો હતો. દુર્યોધનની પણ એ જ દશા થઇ હતી.

અને આજ પણ અહંકારના અંધારા વચ્ચે ડૂબેલા પુરુષો સત્તા, સમૃદ્ધિ અને સાધનોના જોરે જગત આગળ પોતાને ભલે મહાન તરીકે ઓળખાવે, પરંતુ ભારતીય સંસ્કૃતિનો આધ્યાત્મિક બોલ તો એક જ સત્ય ઉચ્ચારે છે કે માનના શિખર પર ચઢેલા મોટા રાવણો હોય તો પણ તેઓ અંતે ક્ષુદ્ર હોય છે, કારણ કે તેઓ પોતાની જાતને કદી પણ જોઈ—વિચારી શકતા નથી.

ભારતીય સંસ્કૃતિ અહંકારને દૂર કરવાની શિક્ષા આપે છે.

['ગીતા બંધુ'માંથી સાભાર]

❀



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મનો બહિષ્કાર

લે. મુનિકુમાર ભટ્ટ

ભારતને આઝાદી મળી અને તેના ઘડવૈયાઓએ ભારતને બિન મજહબી રાજ્ય રાખવાનો નિર્ણય કર્યો ત્યારે તેનો વિરોધ કરવામાં આવેલો નહીં તેનું કારણ એ છે કે લોકોના મોટા ભાગના જીવનમાંથી ધર્મ ચાલ્યો જ ગયેલો હતો. મોટાં શહેરોના ધમાલિયા અને વસ્તી પ્રચુર જીવનમાં મોટા ભાગનાં કુટુમ્બોને, સેવા, પૂજા, પાઠ, સંધ્યા, સામાયિક, દર્શન વગેરે માટે અવકાશ જ રહેતો નથી. તેવી જ રીતે વ્રત, તપ, જપ, ઉપવાસ વગેરે પણ પહેલાં જેટલી સંખ્યામાં થતાં તેટલાં આજે થતાં નથી. બીજી તરફ રાજ્યે પણ ધાર્મિક પ્રવૃત્તિ વિરૂદ્ધની પોતાની નીતિ સરલ બનાવી છે અને મુંબઇ રાજ્યે યુકેરિસ્ટિક કોંગ્રેસને જે મદદ આપી તે તેનો મોટો પુરાવો છે.

જ્યારે ભારતને આઝાદી મળી ત્યારે ધર્મનો બહિષ્કાર કરવાનું સહેલું થઇ પડયું કેમ કે પ્રજાના મોટા ભાગમાંથી ધાર્મિકતા ચાલી ગઇ હતી. પ્રજાની ધાર્મિક બાબતોને રાજકારણમાંથી અલગ કરવી તે એક વાત છે અને પ્રજાને ધાર્મિક મટાડી દેવી તે તદ્દન જુદી વાત છે. યુરોપીય રાજ્યોમાં તો પરાપૂર્વથી પ્રજા ઉપર ધાર્મિક સત્તા અને રાજકીય સત્તાનો અમલ અલગ અલગ હતો. પણ ભારત વર્ષમાં તો પરાપૂર્વથી ધર્મને જ અગ્રસ્થાન અપાતું આવ્યું હતું અને પ્રજા તેમજ રાજા બન્ને ધર્માધીન હતાં. આમ હોવાથી ભારતના જીવનમાં ધર્મના બહિષ્કારનાં જે દૂરગામી પરિણામો આવવા વકી છે તેનો શાંત ચિત્તે વિચાર થવો જોઇએ અને જો તે પરિણામો અધોગામી દેખાય તો તેવી થનાર અધોગતિમાંથી પ્રજાને ઉગારી લેવા માટે રાજ્ય તેમજ પ્રજા તરફથી સાર્વત્રિક પ્રયત્નો થવા જોઇએ.

પ્રથમ તો પ્રજાની નીતિ ઉપર તેની જે અસર થઇ છે તે તપાસવી જોઇએ, આમ તો લગભગ બધા જ ધર્મોમાં નીતિની બાબતોને સમાન મહત્વ આપવામાં આવેલું છે. તત્ત્વજ્ઞાન જેને અનીતિ ગણે છે તેને લગભગ બધા જ ધર્મોએ અનીતિ ગણી છે. એટલું જ નહીં પણ નિરીશ્વરવાદી સમાજે પણ નૈતિક નિયમોને આવશ્યક માન્યા છે. તેથી જ રાજ્યમાં પણ અનૈતિક સ્વૈરાચારની પ્રવૃત્તિઓને ગુન્હા ગણવામાં આવેલ છે. અત્યારે પણ સ્થિતિ તો તે જ છે ફરક માત્ર એટલો પડયો છે કે અત્યારે તેવી અનીતિઓ કે ગુન્હાઓ સામેના વિરોધની ઉગ્રતા ચાલી ગઇ છે. આજનો સમાજ તેવા ગુન્હેગારોનો બહિષ્કાર કરતો નથી.

પ્રજાની એકતા અને પ્રજાની ઉન્નતિના પાયામાં પ્રજાકીય ચારિત્ર્ય રહેલું છે, એ પ્રજાકીય ચારિત્ર્ય એક ભાવના છે છતાં ઘણી નક્કર વસ્તુ છે. અંગ્રેજ, ફ્રેન્ચ, જર્મન, અમેરિકન, અને જાપાનીઝ એ દરેક પાસેપોતાનાં પ્રજાકીય ચારિત્ર્યનો આદર્શ છે. તેથી જ તેઓ પોતાને વિશે અન્ય પ્રજામાં અમુક જાતની છાપ ઊભી કરાવી શકયા છે. એક કાળે આરબો અને તુર્કો પાસે પણ પ્રજાકીય ચારિત્ર્ય હતું. પણ બીજી પ્રજાઓ માટે તેમ કહી શકાય તેવું નથી. ભારતના હિન્દુઓ પાસે પણ જૂના જમાનામાં પ્રજાકીય ચારિત્ર્ય હતું. આજે તે લુપ્ત થયું છે. અને તેને સ્થાને બીજા પ્રકારનું ચારિત્ર્ય આવ્યું નથી. આવી છે કેવળ ચારિત્ર્યહીનતા.

શિષ્ટ પ્રજાનું એક લક્ષણ એ છે કે તેમાંનો કોઇ પ્રજાજન પોતાના પ્રજાકીય ચારિત્ર્યને દૂષણ લાગે તેવું કરશે નહીં. તેમજ પોતાના પ્રજાકીય ચારિત્ર્યને વફાદાર રહેવામાં ગૌરવ અનુભવશે. ભારતીય લોકો જેઓ પરદેશ ગયા છે તેઓએ આ બાબતની દરકાર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરી નથી તેનું પરિણામ એ થયું છે કે આજે અન્ય પ્રજાઓમાં ભારતીયો માટે માનની લાગણી નહિંવત્ છે. તેવી રીતે શિષ્ટ પ્રજાઓમાં ધર્મ તેમજ કાયદાએ જેને અનીતિ ગણી છે તેના ઉપર અંકુશ રાખવાના સભાન પ્રયત્નો થાય છે, ત્યારે ભારતમાં તેથી ઉલટું છે.

ઉદાહરણ તરીકે—અહિંસા, અને અસ્તેય વિચારો. મહાત્મા ગાંધીની હત્યામાં ભાગ લેનારાઓનું પૂણામાં બહુમાન કરવામાં આવ્યું હતું. પૈસાદાર અને પ્રતિષ્ઠિત વ્યક્તિ જેમાં સંડોવાયેલ તેવા કેટલાક ખૂન ખટલામાં આરોપીઓ નિર્દોષ છૂટી ગયા. સુધરેલા દેશોમાં ખૂની ન પકડાય તે શરમજનક ગણાય. પરંતુ લુમુમ્બા અને દાગ હેમશૂલ્ડના ખૂનીઓ હજી પકડાયા નથી.

બીજું અસ્તેય લઇએ. આજે પણ ચોરીઓ પુષ્કળ થાય છે. પણ ચોરીની ફરિયાદ કરનારને પસ્તાવાનો પાર રહેતો નથી. તેની ચોરાયેલી ચીજો પાછી મળતી નથી. ઉલટાનો તે ચોરી કરનારના દ્વેષનો ભોગ બને છે. ચોર છૂટી જાય તેમાં વકીલોની હુશિયારી, કે કાયદાની અપૂર્ણતા, કે નોકરોની રૂશ્વતખોરી કારણભૂત હશે ખરી પણ મુખ્યત્વે તો સમાજના આવા ગુન્હાઓ પ્રત્યેની બેપરવાઈ, અને નૈતિક જીવન માટેનો અનાગ્રહજ કારણભૂત છે.

આવુંજ અન્ય અનીતિઓ માટે કહી શકાય તેમ છે. અનીતિ ફાલે છે કારણકે સમાજમાંથી નીતિનો આગ્રહ ચાલ્યો ગયો છે.

આર્ય ધર્મ જીવનનાં આધ્યાત્મિક, માનસિક અને કાયિક એ ત્રણે પાસાંને સ્પર્શ કરતો હતો. યોગનાં આસનો, ઉપવાસ, વ્રત એ સર્વ પાછળ શરીરને આરોગ્યમય રાખવાનો આશય હતો. પણ તે સર્વમાં ધીમે ધીમે આપદ્ધર્મ કે બીજાં બ્હાનાં નીચે છૂટો લેવાતી ગઇ અને પરિણામે જીવનમાં નિયમન લાવનાર એ સર્વ અનિયમનાં સાધનો બની ગયાં.

આજે વિદ્યાર્થીઓમાં શિસ્ત નથી તે સામે પોકાર થાય છે. તેઓમાં ચારિત્ર્ય ઘડાતું નથી તેવી ફરિયાદ થાય છે તેના દોષનો ટોપલો શિક્ષણ ઉપર લાદવામાં આવે છે. તે બધાનાં કારણ જેટલાં શિક્ષણ સંસ્થામાં હશે તે કરતાં વધારે સમાજ જીવનમાં છે. દુરાચાર ઉપર ધર્મનો અંકુશ હતો તે ચાલ્યો ગયો છે અને તેને સ્થાને બીજો અસરકારક અંકુશ આવ્યો નથી. ધર્મનો બહિષ્કાર થવા સાથે સંયમનો પણ બહિષ્કાર થયો છે.

આ બધાં દૂષણો ગૌણ ગણી શકાય. ભારતની જો કોઈ નોંધપાત્ર વિશેષતા હોય તો તે તેનો શાંતિ માટેનો આગ્રહ છે. તે આગ્રહ આર્યધર્મ પ્રેરિત છે. બૌદ્ધ અને જૈન ધર્મોએ તેને સર્વોપરિ સ્થાન આપ્યું છે. તે સ્થાન મજબૂત બને તે માટેના વિધિનિષેધો પણ યોજવામાં આવેલ છે. પૂજા, અર્ચના, પાઠ, જપ, તપ, માળા, દર્શન, વ્રત, ઉપવાસ, એ સર્વથી માણસમાં સ્વસ્થતા, શાંતિ, અને સંયમ આવતાં. ક્રોધ ઉપર અંકુશ આવતો, સ્વસ્થતાથી વિચાર અને ચિંતન કરવાનો અવકાશ મળતો. આજના શહેરી ધમાલિયા જીવનમાં, સંધ્યા સામાયિક કે માળા ફેરવવાનું શકય ન હોય તોપણ ચિંતનની પ્રક્રિયા ચાલુ રહે તેવી સગવડ લોકોને અપાવી જોઇએ. કેમકે ભારતનાં પ્રજાકીય ચારિત્ર્યની મુખ્ય બાબત એ જ હતી. ક્ષમા અને અવેર આપણા જીવનમાં વણાઇ ગયેલાં છે તેથી જ શક અને હૂણોથી માંડીને અંગ્રેજો સુધીનાં આક્રમણોને ભારતે આત્મસાત્ કર્યાં હતાં, એ સર્વ આક્રમક પ્રજાઓ આજે ભારતીય પ્રજા સાથે એવી એકાકાર થઇને ભારતીય બની ગયેલ છે.

ભારતના પ્રજાજીવનના પ્રભાતકાલે ધર્મ, ધર્માચરણ એ જ સર્વોપરિ તત્ત્વ હતું. નીતિ તેની સાથે ઓતપ્રોત હતી. ભારતીય સંસ્કૃતિ બે હજાર કરતાંય વધારે વરસ ટકી રહી તે પણ એ જ કારણે. આજે આપણે ધર્મને દેશવટો આપ્યો છે. ઉછરતી પ્રજાને ધર્મ કે તેના વિધિવિધાનોમાં રસ નથી. ધર્મ વિનાનું પ્રજાકીય ચારિત્ર્ય કેવું હોય શકે તેની કોઇ કલ્પના

( પૃષ્ઠ ૧૪૭ ઉપર ચાલુ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધનનું સન્માન યાને રામદાસની જીવનકથા

લેખકઃ—પૂ. મુનિશ્રી કલ્યાણસાગરજી મ.ના શિષ્ય મુનિશ્રી પદ્મસાગર

ચારે બાજુ નજર કરતાં ઊંચી ગગનચૂંબી ઇમારતો નજરે પડતી હતી, શહેરનાં લોકોનું જીવન-ધોરણ પણ ઊંચું હતું, વૈભવ-વિલાસનાં દરેક સાધનો પ્રાપ્ય હતાં, અનેક મોટાં ગર્ભશ્રીમંતોથી શોભતું આ વસંતપુર નગર ખરેખર ઇંદ્રની અમરાપુરીને પણ ભૂલાવી દે તેવું લાગતું હતું. દિશવિદેશથી આવતાં મુસાફરો નગરમાં પ્રવેશ કરતાંની સાથે જ તેની શોભા-સમૃદ્ધિ જોઇને જ, પોતાનો થાક વિસરી જતાં, ચારે દિશા-ઓમાંથી મીઠા મઘમઘતા ફૂલોની સુગંધ નગરજનોને મહેકાવી રહી હતી, આવું સુખી અને સમૃદ્ધ હતું એ વસંતપુર શહેર........

તે વસંતપુર શહેરમાં ઋદ્ધિસંપન્ન શ્રેષ્ઠિવર્ય નામે શ્રેષ્ઠિધન તથા તેની રૂપવતી નામની પત્ની રહેતાં હતાં. ઘરની શોભામાં ઓર અભિવૃદ્ધ કરે તેવાં તેમનાં બે સંતાનો હતાં–રૂપસેના અને રામદાસ.

બીજના ચંદ્રની જેમ વૃદ્ધિ પામતાં બે બાળકો મોટાં થાય, તે પહેલાં જ તેમની માતા રૂપવતી સ્વર્ગમાં ચાલી ગઇ. તે પછી, ઘરની ઋદ્ધિસિદ્ધિમાં પણ ઘટાડો થવા લાગ્યો.

રૂપસેના ઊંમરલાયક થવા માંડી હતી તથા કુદરતી પાપોદયથી ઘરમાંથી લક્ષ્મી પણ ધીમે ધીમે ઓછી થતી હતી; તેથી શેઠશ્રીએ લાંબો વિચાર કરીને રૂપસેનાનાં લગ્ન યોગ્ય વરની સાથે વહેલી તકે કરવાનો નિશ્ચય કર્યો. અને અવંતીનગરીના શેઠના પુત્રની સાથે રૂપસેનાના લગ્ન કરીને પુત્રીને સાસરે વિદાય કરી.

શેઠ શ્રેષ્ઠિધન પોતાની થતી જતી દયાજનક સ્થિતિ જોઇને વિચાર કરે છે કે ક્યાં મારો એ સુખી ભૂત-કાળ અને ક્યાં આજની આવી સ્થિતિ! તે વખતે કોઇપણ પ્રકારની ખામી ન હતી. નોકર ચાકરો ખડે પગે ઊભા રહેતા હતા, અને આખો દિવસ મિત્રો, સગા સંબંધીઓ, મહેમાનો વિ. થી ઘર ભરચક લાગતું હતું. આજે એજ ઘરમાં પોતે ખાધું કે નહિ તે પૂછનારેય કોઇ નથી. અરે, તે વાત તો દૂર રહી, ઘરનું દરેક કામ પણ જાતે જ કરવું પડે છે. જેણે સ્વપ્નામાં પણ દુઃખ જોયું ન હતું તેવા રામદાસને રસોઇ બનાવવાથી માંડીને વાસણ ઊટકવાનું વિ. દરેક કામો જાતે કરવા પડે છે! આવી વિકટ આર્થિક સ્થિતિનો વિચાર કરીને શ્રેષ્ઠિધને પોતાના પુત્ર રામદાસને પાસે બોલાવીને કહ્યું "બેટા, આજે આપણી સ્થિતિ પહેલા જેવી નથી. આવી મુશ્કેલીઓ તો દરેક માણસને આવે છે. મુશ્કેલી જ જીવનની ખરી કસોટી છે. તેને શાંતિથી સમતાપૂર્વક સહન કરવામાં જ લાભ છે. પોતે કરેલાં કર્મો, તેનો ઉદય આવે ત્યારે ભોગવ્યા વિના છૂટકો જ નથી હવે તું ઉંમરલાયક થયો છું. હું હવે થાકી ગયો છું. મારી તરફ તારું પણ કાંઇક કર્તવ્ય છે જ. ચિંતાથી મારું શરીર હવે ઘસાઇ ગયું છે; અને હવે આ ઘરનો બોજ ઉપાડવાને માટે હું તદ્દન અસમર્થ છું. કદાચ, માંડમાંડ હું મારો બોજ ઉપાડી શકું, પરંતુ તારો બોજ તો મારાથી ઉપાડાય તેમ નથી. તેથી બેટા, હવે તું કાંઇક ઉદ્યમ, મહેનત કર, જેથી આ ઘરનો નિભાવ થઇ શકે.

---

( પૃષ્ઠ ૧૪૬ના અનુસંધાનમાં )

આપણી પાસે નથી. અધર્મ, દુરાચાર વધી રહ્યાં છે. તીર્થંકરો કે અવતારોના જન્મ પૂર્વે ઘણી પ્રજાઓની સ્થિતિ આવી જ હતી તેમ ઇતિહાસ અને ધર્મશાસ્ત્રો કહે છે.

ત્યારે પ્રશ્ન એક જ પૂછવાનો રહે છે કે શું આપણે એવી અધમ દશાએ પહોંચ્યા છીએ કે તેમાંથી આપણો ઉદ્ધાર કરવા માટે કોઇ યુગપુરુષને જન્મ લેવો પડે?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુરુષાર્થ ભાગ્યનું નિર્માણ કરે છે. શાસ્ત્રકારોએ પણ તે જ કહ્યું છે '**उद्योगो जनलक्षणम्**' એટલે કે ઉદ્યોગ એ પુરુષોનું લક્ષણ છે."

પિતાના આવા શબ્દો રામદાસને ઘા ઉપર મીઠું ભભરાવવા જેવાં લાગ્યાં. તેણે કહ્યું "પિતાજી, આવું ગધ્ધા-વૈતરું મારાથી નહિ થઇ શકે. તમારે જે કરવું હોય તે ખુશીથી કરો. હું તો તેને માટે અસમર્થ છું."

પુત્રના આવા શબ્દો સાંભળીને શ્રેષ્ઠિધનથી રહેવાયું નહિ. તેમણે કહ્યું. "જો મારા શબ્દો તને ખરાબ લાગતા હોય, તો આ ઘર છોડીને બીજે કાંઇક ચાલતો થઇ જા. મારે તારા જેવા દીકરાની કોઈ જરૂર નથી. તારે મોજમઝા જ કરવી હોય, તો અહીંથી ચાલ્યો જા."

પોતાની પરિસ્થિતિનો વિચાર કરીને રામદાસને બહેનની પાસે જવાનું ઉચિત લાગ્યું. ઘેરથી નીકળીને તે અવંતીનગરીમાં પોતાની બહેનને ત્યાં જઇ પહોંચ્યો. ભાઇની સૂરત અને હાવભાવ જોઇને બહેનને પણ સમઝતા વાર ન લાગી કે ભાઇસાહેબ કયા કારણથી અહીં આવ્યા હોવા જોઇએ. બે-ચાર દિવસ તો બહેને ભાઇને ખવડાવ્યું-પીવડાવ્યું, પરંતુ આખરે એક દિવસ તો બહેને કહી દીધું. "જો ભાઈ, આ રીતે અહીંયા તું ધામા નાંખીને પડયો રહીશ તો ખાવાનું-પીવાનું મલશે નહિ. અહીં કાંઈ સદાવ્રત ચાલતું નથી. જો ખાવું-પીવું હશે, તો અહીં ઘરનું કામ કરવું પડશે; વિચારી લેજે."

રામદાસ તો ખરેખર મુંઝાઇ ગયો. શું કરવું અને કયાં જવું તે સૂઝતું જ ન હતું. તેની બુદ્ધિ જ બહેર મારી ગઈ હતી. તેણે આખરે બહેનની સાથે રસોઇનું કામ કરવા માંડ્યું. તેને રસોઇનું કામ કરતો જોઇને, આજુબાજુનાં આડોશી-પાડોશી તેની બહેનને પૂછવા લાગ્યાં કે 'આ નવું માણસ કોણ છે?' બહેને ઉત્તર આપ્યો કે 'મારા પિતાજીએ મારી મદદ માટે આ નોકર મોકલ્યો છે.' લોકોએ નામ પૂછ્યું, ત્યારે બહેને જવાબ આપ્યો કે "તેનું નામ 'ચૂલ્હાફૂંકણ' છે." પછી તો આજુબાજુના લોકો તેને "ચૂલ્હાફૂંકણ"ના નામથી બોલાવવા લાગ્યા.

જ્યારે કુદરત જ વિપરીત હતી; ત્યારે કર્મોનાં ફળ ભોગવ્યા સિવાય, એટલે કે સહન કર્યા સિવાય બીજું થઇ પણ શું શકે? આવી સ્થિતિમાં પાપી પેટ ભરવા માટે '**સહન કરવું**' જ પડે છે. વખત જતાં રામદાસ એક કુશળ રસોઇઓ બની ગયો; પરંતુ તેનું નામ તો રામદાસમાંથી 'ચૂલ્હાફુંકણ' જ પડી ગયું હતું.

એક દિવસ સંધ્યાનો સમય હતો, સૂર્ય અસ્તાચલ પર પહોંચવાની તૈયારીમાં હતો, પક્ષીઓનો કલરવ પણ ધીમેધીમે ઓછો થતો જતો હતો, દિવસભરનાં થાકયા પાકયાં શહેરીજનો પોતપોતાને ઘેર જઇ રહ્યા હતાં, તે વખતે ચૂલ્હાફુંકણ પણ શહેરની બહાર સંડાસ જઇને શહેરમાં પાછો આવતો હતો. રસ્તામાં એક શ્રેષ્ઠિપુત્ર મલ્યા અને પ્રશ્ન કર્યો "મહાનુભાવ! કયાંના વતની છો? અહીંયા શું કરો છો?" જવાબમાં ચૂલ્હાફુંકણે કહ્યું "હું વસંતપુરનો વતની છું. અહીંયા હું મારી બહેનની સાથે રહીને રસોઇનું કામ કરું છું. વિશેષ તો આપને શું કહું? અપમાનપૂર્ણ જીવન વીતાવી રહ્યો છું. મારી પોતાની સગી બહેન પણ મને 'ભાઇ' કહેવામાં શરમાય છે. શું કરવું અને શું ન કરવું તેજ સમઝાતું નથી. તમે જ મને કાંઇ રસ્તો બતાવો.

શ્રેષ્ઠિ પુત્રે તેનો પરિચય સાંભળીને કહ્યું કે 'ભાઇ, તું મારા ઘેર આવી જા, ત્યાં તને કોઇ મુશ્કેલી નહિ પડે. પરંતુ, રસોઇ વિ. કામ તો કરવાં જ પડશે.

'મારે તો શું જોઇએ-ફક્ત બે રોટલી' રામદાસ તરત જ તૈયાર થઈ ગયો. એક ક્ષણનો પણ વિચારે કર્યા વિના તે શ્રેષ્ઠિ પુત્રને ત્યાં ચાલ્યો ગયો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રેષ્ઠિપુત્ર તેને થોડા દિવસ પછી પોતાની સાથે સિંહલદ્વિપ લેતો ગયો.

સિંહલદ્વિપમાં શ્રેષ્ઠિપુત્ર ખૂબ જ ધન કમાયો અને તેણે રામદાસનાં નામે થોડો વ્યાપાર પણ કર્યો. (કેમકે શ્રેષ્ઠિપુત્ર જાણતો હતો કે આ મારો સાધર્મિક ભાઇ છે, તેથી તેનાં સુખમાં જ મારાં સુખનું નિર્માણ છે. તેને હું મારા જેવો જ બનાવું. રામદાસને દુઃખી જોઇને શ્રેષ્ઠિપુત્રનું દિલ પણ દુઃખી રહેતું હતું) રામદાસને શ્રેષ્ઠિપુત્રની સાથે પૂર્વજન્મનો કોઈ સંબંધ હતો. શ્રેષ્ઠિપુત્ર કરોડપતિ થઇ ગયો અને આ બાજુ રામદાસ પણ લાખોપતિ બની ગયો. રામદાસનું પહેલાંનું પુણ્ય હવે જાગ્યું હતું, અને તે હવે જવાબદાર વ્યક્તિ બન્યો હતો. તે શેઠનો ખાસ મિત્ર અને ભાગીદાર જ લેખાવા લાગ્યો.

મધ્ય રાત્રીનો સમય હતો. ચારે તરફ ચંદ્રમાંની ચાંદની વેરાઇ રહી હતી. નિરવ શાંતિનો સમય હતો. રામદાસને વૃદ્ધ પિતા, નગર અને કુટુંબીઓની યાદ સતાવતી હતી. તેને મનમાં વિચાર થયો કે, 'તે લક્ષ્મી–ધન શું કામનાં કે જે પરોપકારનાં કામમાં ન આવે? તે પુત્ર શું કામનો જે ઘરડાં મા–બાપની સેવાનાં કામમાં ન આવે? તે મિત્ર શું કામનો કે જે પોતાના ગરીબમિત્રોને મદદરૂપ ન બની શકે? આજે તો મને મહામૂલો અવસર મળ્યો છે. હું પાછો જઇશ અને ઘરડા પિતાજીની સેવા કરીશ, લક્ષ્મીનો સદુપયોગ કરીશ અને મિત્રોને ટેકારૂપ બનીશ.'

રામદાસને સમાચાર પણ મલ્યા કે 'પિતાજી હજુ જીવે છે' તેના આનંદનો પાર ન રહ્યો. શ્રેષ્ઠિપુત્રની રજા લઇને તે સિંહલદ્વિપથી રવાના થયો. રસ્તામાં, જલ્દીથી વસંતપુર આવી જાય-તેવાં જ વિચારો કરતો કરતો આખરે એક દિવસ વસંતપુર પહોંચી ગયો. શ્રેષ્ઠિવને પોતાનાં પુત્રની સુખસમૃદ્ધિ જોઇને તેનું ખૂબ જ સ્વાગત કર્યું; તેનાં કુશળ સમાચાર પૂછ્યાં અને પુત્ર પણ પોતાનો સઘળો ભૂતકાળ કહેવા લાગ્યો.

પિતાએ વચ્ચે પૂછ્યું. "ભાઇ, બહેન મઝામાં તો છે ને? તું ત્યાં ગયો હતો, તો થોડીક મદદ તો કરી જ હશે?" રામદાસે કહ્યું. "પિતાજી, મદદની વાત તો દૂર રહી, મને 'ભાઇ' કહેવામાં પણ બહેનને શરમ આવતી હતી. એક શેઠ પોતાના મજુર પાસેથી પણ જે જાતનું કામ ન લે, તેવા પ્રકારનું કામ તે મારી પાસે કરાવતી હતી; મેં તો ત્યાંનાં આવા અપમાનપૂર્ણ જીવન કરતાં તો મરવાનું જ પસંદ કર્યું હતું. દૈવયોગે શ્રેષ્ઠિપુત્રનો મેળાપ થઇ ગયો, નહિ તો..."

શ્રેષ્ઠિવને કહ્યું. "બેટા, આનું જ નામ સંસાર. 'सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते।' એટલે કે દરેક ગુણો સોનાનાં ટુકડાઓમાં રહેલા છે. પૈસા હોય, તો માણુસનાં અવગુણ પણ ગુણ જેવાં જ નજરે પડે છે. એટલે તો, એક કવિએ પણ કહ્યું છે કે 'દોલત એટલે કે દોલત–બે લાત. જ્યારે તે આવે ત્યારે કમરમાં લાત મારે છે, જેથી છાતી આગળ નીકળે છે. અને જ્યારે તે જાય છે ત્યારે છાતી પર લાત મારતી જાય છે અને કમર ઝુકી જાય છે.'

બેટા, આ કોઇ ખાસ વાત નથી. દરેક જગ્યાએ આ જ સ્થિતિ છે, જો આમ ન હોત તો જ્ઞાની પુરુષો સંસારને અસાર શા માટે કહેત? તેઓ આવા ભોગ વિગેરેને છોડી દઇને ત્યાગ માર્ગ શા માટે સ્વીકારત? જ્ઞાનીઓ તો કહે છે કે 'સંસારમાં કદાચ રહેવું પડે, તો પોતાને પોતાની જાતને કેદી તરીકે સમઝીને જ રહેવું. જેલમાં દરેક પ્રકારની સગવડતાઓ હોવા છતાં ય કેદીને તો એ જ વિચાર આવે કે હું અહીંથી કયારે છુટું? આવી જ દષ્ટિ રાખીને સંસારમાં રહેવું અને વિચારવું કે હું કયારે મુક્ત બનું?"

રામદાસ પિતાજીને કહે છે "પિતાજી, મારી પણ એ ઇચ્છા છે કે હવે એકવાર બહેનને ત્યાં જઉં, અને જોઉં કે હવે બહેન મારી કેવી દેખરેખ રાખે છે અને કેવી રીતે સાચવે છે; અને તેને સમજાવું."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પિતાજીએ પણ સંમતિ આપી. અને રામદાસ તેના મિત્રો સાથે રાજાશાહી ઠાઠથી અવંતીનગર ગયો.

સવારનો સમય હતો. સૂર્યનારાયણનું અવનિ પર આગમન થતું હતું. મંદિરોમાં ઘંટારવ થતો હતો; અને ભાવિક આત્માઓની ભીડ વધતી જતી હતી. લોકો પોતપોતાનાં ઇષ્ટદેવનાં નામ લેતાં લેતાં રાજમાર્ગો પરથી પસાર થતાં હતાં. તે રાજમાર્ગ ઉપરથી કેટલાંક શહેરના આગેવાન શેઠીયાઓ પોતાના વ્યક્તિત્વનું પ્રદર્શન કરતાં કરતાં પસાર થઇ રહ્યા હતા. કોઇએ તેઓને પૂછ્યું "આજે અત્યારમાં કઇ તરફ જઇ રહ્યા છો?" તેઓમાંથી એકે પ્રત્યુત્તર પાઠવ્યો "શું તમને ખબર નથી, કે આજે વસંતપુરનાં મોટા શ્રીમંત શેઠ રામદાસ અહીં આવી રહ્યા છે?" બીજાએ કહ્યું, "ભાઈ, આજે તો એના જેવો દાનેશ્વરી મળવો પણ મુશ્કેલ છે." ત્રીજાએ કહ્યું "ભાઈ, તમારા બધાંથી હું તેમને વિશેષ જાણું છું; તેઓ મારા સાળા થાય છે..." વિ. આગળ જતાં રામદાસ શેઠ સામે મળ્યાં અને બધાંએ તેઓનું યોગ્ય સન્માન કર્યું. લોકો કહેવાં લાગ્યાં કે "આપ જેવી વિભૂતિ અમારા શહેરમાં આવે તેથી ખરેખર અમે અમારી જાતને ભાગ્યશાળી માનીએ છીએ."

અવંતીનગરીનાં મુખ્ય બજારોમાંથી માનપાન સાથે પસાર થઇને રામદાસ શેઠ પોતાની બહેન રૂપસેનાને ત્યાં માનપૂર્વક આવી પહોંચ્યા. ચારે તરફ આનંદનું વાતાવરણ હતું. બહેન પોતાની દાસ–દાસીઓને ભાઈની આગતાસ્વાગતામાં કોઈ પ્રકારની ખામી ન આવે તે માટે જરૂરી સૂચનાઓ આપતી હતી. ભોજનનો સમય થયો. રામદાસ શેઠ પોતાના મિત્રોની સાથે ભોજન ખંડમાં આવ્યા. આજે એવું વાતાવરણ હતું કે જાણે લગ્નની તૈયારીઓ ન હોય! રૂપસેના ભાઇને પંખો વીંઝવા લાગી. જાતજાતનાં બત્રીસ પકવાન ભાઇનાં ભોજનનાં સુવર્ણ થાળમાં મૂકયાં હતાં. રામદાસ એકદમ વિચારમગ્ન થઇ ગયો અને તેનાં ભાવ મુખપર દેખાવા લાગ્યા. બહેન રૂપસેનાએ કહ્યું "ભાઇ રામદાસ, હવે ભોજન શરૂ કરો, રસોઈ ઠંડી જઇ જશે." રામદાસે કહ્યું "બહેન, હું મારી ઇષ્ટદેવી લક્ષ્મીનું સ્મરણ કરૂં છું, કે જેની મહેરબાનીથી હું આજે આ સ્થિતિએ પહોંચ્યો છું. પહેલાં મારી સ્થિતિ શું હતી તે તું કયાં જાણતી નથી?

**लखमीं तूं ही सुलक्षणी, जीणे भणाव्या राम।**
**पहिले फेरे आवियो, चूल्हाफुंकण नाम॥**

બહેન, સંસારનાં સંસારીજીવો માટે તો Gold is God એટલે કે લક્ષ્મી જ પરમેશ્વર છે." રામદાસે ભોજન શરૂ કર્યું. તેને બહેનને વધારે શરમાવવાનું ઠીક ન માન્યું. ત્યાં કેટલાંક દિવસો રહીને બહેનને સારી એવી રકમ આપીને, તે પોતાનાં ઘેર પાછો ફર્યો.

ઘેર આવીને તેણે પિતાજીની ખૂબ સેવા કરી, અને તેઓને ધર્મનાં રસ્તે દોર્યાં. સંસારની અસારતા, લક્ષ્મીની ચંચળતા, આયુષ્યની ક્ષણભંગુરતા અને કર્મની મહત્તા સમજીને પૂજ્ય ધર્મઘોષસૂરિજીની પાસે બન્ને પિતા–પુત્રે લક્ષ્મીનો સદુપયોગ કરીને દીક્ષા ગ્રહણ કરી. પછી, સંયમની સારી રીતે આરાધના કરીને, પોતાના આત્માનું કલ્યાણ કરીને, તેઓ સ્વર્ગમાં ગયાં.

**( प्रस्ताव शतक )**

આ કથામાંથી આપણે એ સાર લેવાનો છે કે ધન એ ધર્મ કરવા માટેનું માત્ર સાધન છે; જ્યારે ધર્મ એ સાધ્ય છે. પરિગ્રહની ભાવના મોક્ષમાર્ગ માટે બાધક તત્ત્વ છે, જ્યારે અપરિગ્રહની ભાવના મોક્ષમાર્ગનું પગથિયું છે, અને તેને સદાયને માટે પોતાનાં જીવનમાં ઉતારશો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દુઃખી જગત

લે. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ

અનિયમિત અને અનિશ્ચિત જીવનમાં જીવવાના બે વિભાગ પાડી શકાય. એક સુખી અને બીજું દુઃખી. સુખની ભાવના અને માન્યતાના અનેક પ્રકાર છે તેવી જ રીતે દુઃખની ભાવના અને માન્યતાના પણ અનેક પ્રકાર છે; જેથી કરીને સુખી જગત અનેક પ્રકારનું છે અને દુઃખી જગત પણ અનેક પ્રકારનું છે. સુખી જગત હમેશાં સુખી રહેતું નથી અને દુઃખી જગત હમેશાં દુઃખી રહેતું નથી. જન્મથી લઇને મરણ પર્યંતમાં અવારનવાર સુખદુઃખ આવે જ છે. ચોખ્ખા સુખમાં અને ચોખ્ખા દુઃખમાં કોઈપણ સંસારી જીવ જીવતો નથી અર્થાત્ સુખમાં દુઃખનું મિશ્રણ રહેલું હોય છે અને દુઃખમાં સુખનું મિશ્રણ રહેલું હોય છે. કોઇને ધનનું સુખ હોય છે તો પુત્રનું દુઃખ હોય છે. કોઇને ધન અને પુત્રનું સુખ હોય તો શરીરનું દુઃખ હોય છે. કોઇ શારીરિક સુખી હોય તો ધનથી દુઃખી હોય છે. કોઇ ધનથી, પુત્રથી, શરીરથી સુખી હોય છે તો માનસિક દુઃખ હોય છે. સર્વ પ્રકારે સુખી અને સર્વ પ્રકારે દુઃખી એવા જીવનમાં કોઇ પણ જીવતું નથી. માનવી સુખે જીવવાના અનેક પ્રયાસ કરે છે, છતાં નિર્ણય કરી શકતા નથી કે કેવી રીતે સુખેથી જીવાય; કારણકે સુખે જીવવાને સંસારે નિર્ણિત કરેલા સિદ્ધાંતને અનુસરીને પ્રયાસ કરનાર માનવી સફળતા મેળવવાની તૈયારીમાં હોય છે કે તરત જ સુખના સિદ્ધાંતનું પરિવર્તન થઇ જાય છે; જેથી કરીને માનવીને સુખ માટે ફરીને પ્રયાસ કરવો પડે છે. આવી રીતે સંસારી જીવો સુખના સિદ્ધાંતોને બદલતા રહેવાથી માનવી સુખેથી જીવવાને કેવી રીતે નિર્ણય કરી શકે ? કારણકે એક વખત જે પ્રયાસ, પ્રવૃત્તિ અને પ્રાપ્તિમાં સુખ મનાતું હોય તેમાં જ કાળાંતરે દુઃખ માનવામાં આવે છે અને જેમાં દુઃખ મનાતું હોય તેમાં જ કાળાંતરે સુખ મનાય છે, માટે જ માનવી સુખદુઃખનો નિર્ણય ન કરી શકવાથી અનિયમિત વ્યવસ્થાશૂન્ય જીવનમાં જીવે છે. જેમણે પોતાના જીવનની વ્યવસ્થા કરી રાખેલી હોય છે તેમને પણ વખત જતાં વ્યવસ્થા ફેરવવી પડે છે. આપણે નજરે જોઇ શકીએ છીએ કે સુખનું સાધન ધન ઉપાર્જન કરવાને કોઇ એક ધંધાની વ્યવસ્થા કરી રાખી હોય તો તે ધંધામાં ન ફાવતાં વખત જતાં એ વ્યવસ્થાને ફેરવવી પડે છે અથવા તો વિશેષ ધનની ઇચ્છાથી બીજા ધંધાઓ કરીને પણ વ્યવસ્થા ફેરવે છે. આવી રીતે માનવીઓ પોતાના આખાયે જીવનમાં એકસરખી જીવનવ્યવસ્થા રાખી શકતા નથી, જેથી કરીને મિશ્ર જીવનમાં જીવે છે. જો કે સુખમાં દુઃખ અને દુઃખમાં સુખ મિશ્રિત રહેલું હોય છે, છતાં જીવો દુઃખે જ જીવે છે; કારણકે થોડુંક પણ દુઃખ ઘણા સુખને દુઃખમય બનાવે છે. માનવીને કેટલાક દુઃખના પ્રસંગો જેવા કે નવ મહિના ગર્ભમાં રહેવું, જન્મવું, મરવું, ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગ વગેરે વગેરે નિર્ણિત કરેલા હોય છે. તેવી રીતે સુખનો કોઈપણ પ્રસંગ નિર્ણિત નથી. માનવીના જીવનની શરૂઆત દુઃખથી થાય છે અને અંત પણ દુઃખથી જ આવે છે. જો જીવનનો આદિ-અંત દુઃખસ્વરૂપ છે, તો પછી મધ્યમાં સુખ કેવી રીતે હોઈ શકે ? કારણકે કારણ અનુસાર કાર્ય થાય છે. ગર્ભથી લઈ જન્મપર્યંત જીવનનું કારણ કહેવાય છે અને તે કારણ દુઃખસ્વરૂપ હોવાથી તેના કાર્યરૂપ જીવનમાં સુખ માનવું તે એક ભ્રમણા છે અને જો તેને સુખ માનવામાં આવે તો પછી તેના કાર્યરૂપ મૃત્યુ પણ સુખ સ્વરૂપ હોવું જોઇએ; પણ તે દુઃખ સ્વરૂપ જોવામાં આવે છે. માટે જીવનનો કોઇ પણ એવો પ્રદેશ નથી કે જેમાં દુઃખ ન હોય.

ઇંદ્રિયોના સારાનરસા વિષયોની અસર થવાથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાગદ્વેષના તીવ્ર પરિણામ થવા અને સંયોવિયોગની ઇચ્છાઓ થવી તે સુખ નથી પણ દુઃખ જ છે. જ્યાં સુધી વિકૃતિરૂપ સ્ફુરણાઓ થયા કરે છે ત્યાં સુધી પોતાને સુખી સમજી સંતોષ ધારણ કરનાર માનવી મોટી ભૂલ કરે છે; કારણ કે વિકૃતિ માત્ર દુઃખ જ છે. જીવનમાં કોઇ પણ ક્ષણ વિકૃતિથી ખાલી નથી; કારણ કે પ્રત્યેક સમયમાં મોહનીયકર્મના વિકારરૂપ ઉદય બન્યો જ રહે છે. મોહનીયના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ સિવાય પ્રકૃતિસ્વરૂપ સુખ પ્રાપ્ત થઈ શકતું નથી, કે જેને સાચું સુખ કહેવામાં આવે છે. માનવીએ માનેલા સુખને જો તપાસીએ તો તે વિકૃતિ જ જણાય છે અને તે વિકૃતિ કર્મના ઉદયથી પૌદ્ગલિક વસ્તુના વિકારોના સંસર્ગથી ઉત્પન્ન થયેલી હોય છે અર્થાત્ એ વિકૃતિનું કારણ પૌદ્ગલિક વસ્તુના વિકારો છે. વિકૃતિ એટલે વસ્તુનું એક સ્વરૂપે ન રહેતાં ક્ષણે ક્ષણે પરિવર્તન થવું. આવા પરિવર્તનશીલ વિકૃતિ સ્વરૂપ સુખને ક્ષણિક, અસ્થિર અને અવાસ્તવિક કહેવામાં આવે છે. પ્રકૃતિસ્વરૂપ સુખ આવું હોતું નથી. તે શાશ્વતું, સ્થિર અને સાચું હોય છે. આવા સુખને મેળવનાર જ સાચો સુખી કહી શકાય. બાકી તો બધાં યે દુઃખને જ સુખ માની રહ્યાં છે. વાસ્તવિક રીતે જો સુખ દુઃખને તપાસીયે તો આત્માની પ્રકૃતિ તે સુખ છે અને જડના સંસર્ગથી થવાવાળી વિકૃતિ માત્ર દુઃખ છે; છતાં માનવી કેટલીક વિકૃતિમાં સુખનો આરોપ કરે છે અને કેટલીક વિકૃતિમાં દુઃખનો આરોપ કરે છે, માટે જ આ સુખદુઃખ સાચાં નથી પણ ભ્રમણા માત્ર છે અને તે માનવીની મિથ્યા કલ્પનાનું ફળ છે.

સુખને ઓળખી સુખે જીવી જાણનાર સ્વર્ગ અને મોક્ષનો અધિકારી બની શકે છે, પણ તે સાચું સુખ ઓળખાવું બહુ જ કઠણ છે. જીવો વિકૃતિમાં જ સુખ માનવાને ટેવાઇ ગયા છે. તેઓ પ્રકૃતિસ્વરૂપ સુખને સમજી શકતા નથી; જેથી કરી તેમનું જીવન સુખમય બની શકતું નથી. ભલે, તેઓ પોતાને સુખી માને પણ તે તેમની એક અજ્ઞાનતા છે. કોઇ માનવી માને છે કે અમે સંસારમાં સુખી છીએ પણ તે મિથ્યાભિમાન સિવાય બીજું કશું હોતું નથી. સંસારમાં માનવી માત્ર જો એકસરખી સ્થિતિવાળા હોય તો કોઇ પણ એમ ન કહી શકે કે હું સુખી છું. લાખવાળો હજારવાળાને જોઇને સુખીપણાનું અભિમાન ધરાવે છે ક્રોડવાળો લાખવાળાને જોઇને પોતાને સુખી માને છે. આવી રીતે વધારે ને વધારે સમૃદ્ધિવાળા પોતાનાથી ઓછી સમૃદ્ધિવાળાઓને જોઇને સુખીપણાનું મિથ્યાભિમાન ધરાવે છે. તેમજ નિરોગી હોય તે રોગીને જોઇને, રૂપવાન હોય તે કુરૂપવાળાને જોઇને, બળવાન હોય તે નિર્બળને જોઇને, વિદ્વાન હોય તે મૂર્ખને જોઇને, તેવી જ રીતે બીજી બાબતોમાં પણ પોતાનાથી ઓછી વસ્તુવાળાને જોઇને સંસારમાં સુખી માનવાની પ્રથા ચાલી આવે છે અથવા તો બીજી રીતે પણ જીવો પોતાને સુખી માનતા દેખાય છે. જેમકે : લાખવાળાને જોઇને હજારવાળો પોતાને એમ સમજીને સુખી માને છે કે આ પરમ ઉપાધિવાળો છે માટે દુઃખી છે, પણ તે પોતાના મનને સમજાવવા પૂરતું છે; કારણ કે તેને પોતાને લાખ મેળવવાની ઇચ્છા છે પણ તે પૂરી ન થવાથી પોતાને સુખી માને છે. જો તે સંતોષવૃત્તિથી પોતાને સુખી માનતો હોય અને લાખ મેળવવાનો પ્રયાસ ન કરતો હોય તો કંઇક અંશે લાખવાળા કરતાં સુખી કહેવાય ખરો, નહિ તો વધારે સંપત્તિવાળાઓને જોઇને ઓછી સંપત્તિવાળાઓને પોતાને દુઃખી માનવાની પ્રથા સંસારમાં જોવામાં આવે છે. સાંસારિક જીવોએ કલ્પેલાં સુખદુઃખ આને જ કહેવામાં આવે છે કે જે ઉપર કહ્યા પ્રમાણે વિકૃતિસ્વરૂપ છે. હું સુખી છું એવું મિથ્યાભિમાનરૂપ વિકૃતિ તે સુખ અને હું દુઃખી છું એવું દિલગીરી અને શોકરૂપ વિકૃતિ તે દુઃખ કહેવાય છે. આ સિવાય સંસારીઓના જીવનમાં પ્રકૃતિસ્વરૂપ સુખ તો જણાતું નથી.

જ્યાં સુધી જીવ કષાય અને વિષયને આશ્રિત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોય છે ત્યાં સુધી તે સુખી થઇ શકતો નથી, કારણ કે કષાય અને વિષય બન્ને પરવસ્તુ છે અને તેનો સુખને માટે ઉપયોગ કરે છે, છતાં દુઃખી થાય છે. જીવમાત્રની પ્રવૃત્તિ સુખને માટે હોય છે. જો તેને એમ જણાય કે અમુક પ્રવૃત્તિ કરવાથી દુઃખ થશે તો તે દિશામાં એક પગલું પણ ભરતો નથી; પરંતુ તે સુખને ન ઓળખવાથી પરિણામે દુઃખ મેળવે છે. સુખને માટે ક્રોધ, માન, માયા, લોભની જરૂર નથી તેમજ રાગદ્વેષની પણ જરૂર નથી; છતાં સંસારમાં જીવો સુખી થવા એને સાથે રાખીને પોતાની પ્રવૃત્તિ કરે છે. જડ તથા જડના વિકારો જે વિષય કહેવાય છે તે જીવને માટે હેય હોઈ શકે પણ ઉપાદેય નથી, છતાં જીવ ઉપાદેય માને છે; એટલા માટે જ તેને કષાયો કરવા પડે છે. જો ઉપાદેયપણાની ઉપેક્ષા કરવામાં આવે તો પછી રાગદ્વેષ કરવાની જરૂર રહેતી નથી, કે જે રાગદ્વેષ એક દુઃખનું મૂળ કહેવાય છે. હેયને ઉપાદેય માનવું તે એક મિથ્યાજ્ઞાન કહેવાય છે. આ અજ્ઞાન જ્યાં સુધી હોય છે ત્યાં સુધી જીવ સાચા સુખને સમજી તેને મેળવી શકતો નથી. દેહાદિ જડ વસ્તુઓને આશ્રયીને જીવને મિથ્યાભિમાન થાય છે કે જેને લઇને ક્રોધ કરવો પડે છે. જેમાં અંશ માત્ર પણ સુખ હોતું નથી. કારણ કે આ બન્ને દ્વેષસ્વરૂપ છે. કે જે એક દુઃખનું નામાંતર છે. ગમતી વસ્તુને વધુને વધુ મેળવવા આકાંક્ષા રાખવી તે લોભ કહેવાય છે અને વધુ વસ્તુ મેળવવાની આકાંક્ષા પૂરી કરવા માયા કરવામાં આવે છે. આ બન્ને રાગનાં અંગ છે. તે સુખની પ્રાપ્તિ કરાવી શકતા નથી.

સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર મેળવવા માટે કષાયની જરા યે જરૂર નથી. શાંતિ, સુખ, આનંદ મેળવવા માટે જડના વિકારરૂપ વિષયોની જરૂર નથી. જીવો દેહ તથા તેની સાથે સંબંધ ધરાવનાર બીજા જડ પદાર્થો માટે કષાય કરે છે અને વિષયનો ઉપભોગ પણ દેહના માટે કરે છે અને તે એક જ જીવન માટે કરવામાં આવે છે. ભાવી જીવનમાં જીવને તેનાં માઠાં ફળ સિવાય બીજું કશું યે મળતું નથી. દેહને આશ્રયીને કરવામાં આવતી દરેક પ્રવૃત્તિનું પરિણામ માઠું જ હોય છે અને તે જીવને ભાવી અનેક જીવનમાં ભોગવવું પડે છે. જે જીવનમાં કષાયો કરવામાં આવે છે તે જીવનમાં પણ તે દુઃખ આપનારા હોય છે. આત્માને આશ્રયીને કરવામાં આવતી દરેક પ્રવૃત્તિ જીવોને લાભદાયી નિવડે છે. સમજીને સાચી રીતે કરવામાં આવતી પ્રવૃત્તિ આત્માનો વિકાસ સાધી શકે છે અને સમજ્યા વગરની પ્રવૃત્તિ જીવને પુણ્યબંધનું કારણ થવાથી ભાવી જીવનમાં પૌદ્ગલિક સુખ આપનારી થાય છે; છતાં તે પ્રવૃત્તિ તત્ત્વદૃષ્ટિથી જોતાં દુઃખ જ થાય છે, પણ સંસારી જીવોએ તેને સુખ માનેલું હોવાથી જીવ પોતે પણ સુખ માને છે. દેહ તથા આત્માની ભિન્નતા સાચી રીતે સમજ્યા વગર પોતાના કલ્યાણ માટે ધાર્મિક પ્રવૃત્તિ કરનારાઓ કષાયોનો ઉપયોગ કરે છે; પરંતુ આત્માને દેહથી ભિન્ન માનનાર માનવીઓની પ્રવૃત્તિમાં કષાયને અવકાશ મળતો નથી અર્થાત્ દેહને પોતાનું સ્વરૂપ માનનારની ધાર્મિક પ્રવૃત્તિ કષાયગર્ભિત હોય છે અને દેહને ભિન્ન માનનારની પ્રવૃત્તિ કષાયથી મુક્ત હોય છે. કષાયો વિકાસના બાધક છે પણ પુન્યના બાધક નથી. કષાયોથી સાચું સુખ મળતું નથી પણ પૌદ્ગલિક સુખ મળી શકે છે, એટલે કે કષાય સહિતની ધાર્મિક પ્રવૃત્તિ પૌદ્ગલિક સુખ આપી શકે છે. કેવળ દેહને આશ્રયીને કષાય સહિતની પ્રવૃત્તિ તો એકાંતે દુઃખજ આપે છે માટે જ આત્મિક ગુણો મેળવવામાં કષાયોની જરાયે જરૂર નથી. અનુકૂળ વિષયોથી જીવો એક જ જીવનમાં પૌદ્ગલિક સુખ મેળવે છે. તે પણ ઇંદ્રિયોની સાથે વિષયોનો સંસર્ગ રહે ત્યાં સુધી જ હોય છે. તે વિયોગ થવાથી નષ્ટ થઇ જાય છે માટે તે સુખ નથી હોતું, પણ વિષયોનો સંસર્ગ થતાં દુઃખમાં કાલ્પનિક સુખનો આરોપ કરવામાં આવે છે અને તે વિષયોનો વિયોગ થતાંની સાથે ઊડી જવાથી દુઃખ જ અનુભવે છે અને એટલા જ માટે અનુકૂળ વિષયોના સંસર્ગથી થવાવાળી વિકૃતિમાં સુખ માને છે અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રતિકૂળ વિષયોના સંસર્ગથી થવાવાળી વિકૃતિમાં દુઃખ માને છે અથવા તો અનુકૂળ વિષયોના વિયોગથી થવાવાળાં કલેશ, ઉદ્વેગ, દીનતા આદિ વિકૃતિને દુઃખ માને છે અને અનુકૂળ વિષયોના સંસર્ગથી થવાવાળા હર્ષ, આનંદ આદિ વિકૃતિને સુખ માને છે. દુઃખ કાયમ રહેવાવાળું હોય છે અને સુખ થોડો કાળ રહીને નષ્ટ થવાવાળું હોય છે. જે વખતે સુખ હોય છે તે વખતે પણ દુઃખ તો હોય જ છે પણ તે સુખ નીચે દબાઇ રહેલું હોય છે. આવી રીતે દુઃખની નીચે સુખ દબાઇને રહેલું હોતું નથી અર્થાત્ સુખ એ પણ એક દુઃખની જ અવસ્થા છે. સંસારમાં જેટલા પ્રકારનાં સુખ કહેવાય છે તે બધાં યે દુઃખના જ રૂપાંતર છે. સંસારમાં પોતાને સુખી માનનારાઓ બે પ્રકારના હોય છે: એક ઉપકાર કરીને સુખ માને છે જ્યારે બીજા અપકાર કરીને સુખ માને છે, અર્થાત્ એક રાગથી સુખ માને છે અને એક દ્વેષથી સુખ માને છે. કેટલાક જીવો કોઈ પણ પ્રકારની પોતાને મળેલી સંપત્તિના મદમાં આવી જઇને બીજાના ઉપર પોતાની સત્તા અજમાવી સ્વામી બનવા જતાં અથવા પોતાના વિચારો પ્રમાણે અનુકૂળ બનાવવા જતાં ફાવટ ન આવવાથી બીજા ઉપર દ્વેષબુદ્ધિ ધારણ કરી તેનું અનિષ્ટ કરવા હમેશાં ચિંતાવાળો રહે છે અને અનેક પ્રકારના પ્રયાસો કરે છે. કોઇક પ્રસંગે પ્રયાસમાં સફળતા મેળવીને બીજાનું અનિષ્ટ કરીને પોતાને સુખી માને છે; તેમજ પોતાના વર્તન, વિચાર અને કથનમાં વિરોધ કરનારને પોતાનું અપમાન કરનાર સમજીને તેના ઉપર દ્વેષ ધારણ કરે છે અને ફાવટ આવે ત્યારે તેના ઉપર અપકાર કરીને પોતે બહુ રાજી થઇને પોતાને બહુ સુખી માને છે. ત્યારે કેટલાક જીવો પ્રાણીમાત્રને પોતાના મિત્ર સમજે છે અને ગમે તેટલું પોતાનું અનિષ્ટ કરીને અપરાધ કરવા છતાં પણ ક્ષમા આપી, તેમના ઉપર ઉપકાર કરી પોતાને સુખી માને છે. કેટલાક મનગમતી વસ્તુઓ ઉપર રાગ કરીને, તેને મેળવીને, પોતાને સુખી માને છે ત્યારે કેટલાક અણગમતી વસ્તુઓ ઉપર દ્વેષ હોવાથી તેને નષ્ટ કરી પોતાને સુખી માને છે. આવી રીતે સંસારમાં પોતાને સુખી માનનારના અનેક પ્રકારો જોવામાં આવે છે; છતાં પરિણામે સુખ દુઃખના સ્વરૂપમાં દેખાય છે, અર્થાત્ તેઓ સાચા સુખથી તો વેગળા જ હોય છે.

---

( પાના ૧૪ ના અનુસંધાનમાં )

એ વિચાર કરો, આજથી જ એ પ્રમાણે જીવવું શરૂ કરો. ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણો, કે જાગ્યા ત્યાંથી સવાર, એ કહેવત પ્રમાણે તમે આજથી જીવવું શરૂ કરો. જ્યારથી જીવન વિષે જાગૃતિ સમજણ આવી ત્યારથી જ સાચું જીવન શરૂ થયું. પ્રલોભનો આપણું જીવન લૂંટી જાય છે. જે સમયનો સદુપયોગ કરે છે એની પાસે ખોટો સમય નથી, નકામા મનુષ્યો બીજાને પણ નકામા બનાવવા મથી રહે છે. તમે વિચાર કરો જીવન કેટલું ટૂંકું છે, આપણી પાસે કેટલો સમય રહ્યો છે એની પણ આપણને ખબર નથી. એટલા થોડા કાળમાં જીવન-નાટક પૂરું કરવાનું છે. તો આજથી જ સંકલ્પ કરો, જાગો ને તમારા આચરણને તપાસતા રહો. અજ્ઞાનને કારણે ભૂલ થઇ ગઇ હોય તો પણ એ ભૂલ સુધારી ધર્મને માર્ગે આગળ વધો. કાલે કરવું હોય તે આજથી કરો. પણ જે યોગ્ય હોય તે તરત જ શરૂ કરવું.

માણસનો સ્વભાવ છે કે સીનેમા આવતે મહિને જોવાનો હોય તો કહેશે આજે જોઇએ. ને ધર્મ આચરવાનો હોય તો કહેશે આજથી નહીં, પહેલી તારીખથી. એમ ન ચાલે. યોગ્ય કાર્ય માટે વાટ ન જોવાય. આજે ને અત્યારે જ તેનો આરંભ કરી દેવો જોઇએ.

જો મારા આટલા શબ્દોથી તમારામાં થોડી પણ જાગૃતિ આવે તો આ લખ્યાનો કશો અર્થ છે. અને જો એ જાગૃતિ આવી હોય તો માનવ જીવન શ્રેષ્ઠ છે કે નહીં, તે ઉપર વિચાર કરો, અને આપણે તેને કેમ સાર્થક કરવું એ વિષે વિચાર કરો.

'જનસંદેશ'માંથી સાભાર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન જગત

## શ્રી ધીરૂભાઇ ગુલાબચંદ કાપડિયા જે.પી.ના સન્માર્થે યોજાયેલ સમારંભો

આપણી આ સભાની પચાસ વર્ષ સુધી તન, મન, ધનથી એકધારી સેવા કરનાર તથા લગભગ ત્રીશ વર્ષ સુધી સભાના પ્રમુખપદે રહી સભાને સ્થાયી, અને હિંદભરમાં સુપ્રસિદ્ધ કરવામાં મોટો ફાળો આપનાર ભાવનગરના અગ્રગણ્ય સેવાભાવી સ્વ. શેઠશ્રી ગુલાબચંદ આણંદજી કાપડિયાના પુત્ર શ્રી ધીરૂભાઇની જાહેરસેવાઓને લક્ષ્યમાં લઈ મહારાષ્ટ્ર સરકારે તેમને જે.પી (જસ્ટિસ ઓફ ધી પીસ)ની માનવંતી પદવી એનાયત કરી છે. આ પ્રસંગે શ્રી ધીરૂભાઇને અભિનંદન આપવા મુંબઇમાં બે મેળાવડાઓ સ્નેહી મિત્ર વર્ગ તરફથી-એક શેઠશ્રી વાડીલાલ ચ ગાંધી એમ એલ એ.ના પ્રમુખપદે નટરાજન હોટેલમાં અને બીજો શેઠશ્રી હીરાલાલ જૂઠાભાઇ શાહના પ્રમુખપદે સીલ્ક મરચન્ટસ એસોસીએશનના હોલમાં—યોજવામાં આવેલ હતા.



આ બંને પ્રસંગોએ આપણી સભાના ઉપ-પ્રમુખ શેઠશ્રી ફત્તેહચંદભાઇ ઝ. શાહે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. શ્રી ધીરૂભાઇ તથા તેમનાં કુટુંબની સેવાઓનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું હતું કે

ભાવનગરમાં શેઠશ્રી આણંદજી પુરૂષોત્તમનું કુટુંબ સુવિખ્યાત છે. તેઓશ્રીના વડીલ પુત્ર મુ.શ્રી ગિરધરભાઇએ જીવનપર્યંત શ્રી સંઘના પ્રમુખ તરીકે રહી સંઘ-સેવા બજાવી હતી, દ્વિતીયપુત્ર મુ૦શ્રી કુંવરજીભાઇએ જીવનપર્યંત જૈનધર્મ પ્રસારક સભામાં સાહિત્ય સેવા તેમજ પાંજરાપોળ વિગેરે અનેક સંસ્થાઓની તથા વિવિધ પ્રકારની સમાજ સેવા કરી હતી. તૃતીયપુત્ર મુ૦શ્રી ગુલાબચંદભાઇએ જૈન આત્માનંદ સભાના અધ્યક્ષ તરીકે અનેક વર્ષો પર્યંત રહી, સુંદર વહીવટ સાથે સાહિત્યસેવા કરી છે. એટલું જ નહિ પરંતુ સાર્વજનિક સેવાનાં અનેક કાર્યોમાં રસ લેતા હોઇ ભાવનગર મહારાજાએ ઓનરરીમેજીસ્ટ્રેટ ( અથવા જે.પી. ) તરીકે તેમની નિમણુંક કરી હતી. અનેક ગ્રંથોના લેખક-શ્રીયુત મોતીચંદભાઇ સોલિસિટર પણ મુ. શ્રી ગિરધર-ભાઇના સુપુત્ર હતા. મુ. કુંવરજીભાઇના સુપુત્ર શ્રી પરમાનંદભાઈ પ્રબુદ્ધ જીવનનાં તંત્રી છે, તેમજ ઉચ્ચ પ્રકારના ચિંતક અને લેખક છે.—આ સર્વ પ્રસ્તુત કુટુંબના સેવાભાવી વારસ તરીકે પ્રકાશમાં આવેલા છે.

શ્રી ગુલાબચંદભાઇના ત્રણ પુત્ર રત્નો કે જેમાં શ્રી મનુભાઇ કાપડિયાએ પાલીતાણા જૈન ગુરૂકુળના મંત્રીપદે અનેક વર્ષો પર્યંત રહી, સેવાની સાધનાપૂર્વક ગુરૂકુળને સમૃદ્ધ બનાવ્યું છે, એટલું જ નહિ–



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરંતુ હાલમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી તરીકે સેવા સમર્પી રહ્યા છે બીજા પુત્ર શ્રી શાંતિલાલભાઇ એોએ મોટર ટ્રેડીંગ કંપનીનો વહીવટ સંભાળે છે, અને ત્રીજા પુત્ર–આજનાઅભિનંદન અને સન્માનના અધિકારી શ્રી ધીરૂભાઇ કે જેમની યોગ્યતા જોઇને મહારાષ્ટ્ર સરકારે જે. પી. (જસ્ટિસ ઓફ ધી પીસ) સુલેહના અધિષ્ઠાતા તરીકેની માનવંતી પદવી સમર્પણ કરી છે, તેઓએ પોતાની અનેક શક્તિઓનો વિકાસ કરેલો છે. તેઓ ૧૭ વર્ષથી પ્રોગ્રેસીવ ગ્રૂપના સભ્ય છે, ત્રણ વર્ષ તે સંસ્થામાં મંત્રીપદે, ત્રણ વર્ષ ઉપપ્રમુખપદે અને બે વર્ષ પ્રમુખપદે—ચૂંટાયા હતા. ઉપરાંત નેશ્નલ એસોસીએશન ફોર બ્લાઇંડમેનના, એકઝીકયુટીવના મેંબર છે. લાયન્સ કલબ ફોર નોર્થ બોંબેના–મેનેજીંગ કમીટીના સભ્ય છે, ઇંડીઅન મરચં-ટસ ચેમ્બર કમીટીના પણ સભ્ય છે, ટ્રાફીક કમીટીના એડવાઇઝરી બોર્ડનો પણ મેમ્બર છે—આ રીતે અનેક સંસ્થાઓમાં સેવા આપી રહ્યા છે. આટલી યુવાન વયમાં આવી સામાજિક ઉચ્ચકોટિની સંસ્થા-ઓની સેવામાં સંકલિત રહી સંસ્થાઓનો પ્રેમ સંપાદન કરવો-એ અવશ્ય એમની અસાધારણ શક્તિ દર્શાવે છે, કુટુંબગત વારસાના સંસ્કારો સાથે સ્વાવલંબનથી એમણે સુંદર પ્રગતિ કરી છે.

શ્રી ધીરૂભાઈ સાત્વિક સેવાભાવી સજ્જન તરીકે, તેમજ અસાધારણ વ્યક્તિરૂપે પ્રકાશમાં આવ્યા છે. તે આપણા સહુને માટે આનંદનો વિષય છે. 'જસ્ટિસ ઓફ ધી પીસ'–એટલે જ્યારે જ્યારે જન-તામાં વૈમનસ્ય ઊભું થાય, કલેશો થાય, ઘર્ષણો થાય ત્યારે ત્યારે શાંતિ ઉત્પન્ન કરવાનો સબળ પ્રયાસ કરવો–એ તેમનું મુખ્ય કર્તવ્ય હોય છે. આ જવાબદારી તેમણે સ્વીકારી છે. જેથી ભવિષ્યમાં તેઓ જે.પી.ને લગતી ફરજો બજાવવા શક્તિમાન રહે, પોતાના શક્તિનો ખાસ કરીને જૈન સમાજની ઉન્નતિ માટે પણ ઉપયોગ કરતા રહે અને એ રીતે સેવાનાં ક્ષેત્રો વિસ્તૃત કરતા રહે તે માટે શાસનદેવ તેમને સહાય કરતા રહે તેમ ઇચ્છું છું. शुभास्तेपंथानः

ઉપસંહારમાં પ્રમુખશ્રી વાડીલાલભાઈ ગાંધીએ બોલતાં કહ્યુ હતું કે શ્રી ધીરૂભાઇને હું ઘણા વરસથી ઓળખું છું એમનામાં રહેલી શક્તિઓનો મને ખ્યાલ છે અને મહારાષ્ટ્ર સરકારે ખરેખર લાયક વ્યક્તિનું લાયક સન્માન જે.પી ની પદવી આપીને કર્યું છે. અંતમાં તેમણે શ્રી ધીરૂભાઇના કુટુંબીજનોની સાહિત્યિક, સામાજિક અને ધાર્મિકક્ષેત્રે કરેલી સેવાઓનો ઉલ્લેખ કરી શ્રી ધીરૂભાઇની ઉત્તરોત્તર પ્રગતિ વાંચ્છી હતી.

શ્રી ગોઘારી જૈન મિત્રમંડળના સમારંભમાં પણ આપણી સભાના ઉપ–પ્રમુખો શ્રી ફતેહચંદભાઇ તથા શ્રી ગુલાબચંદ લ. શાહે હાજર રહી શ્રી ધીરૂભાઇ તથા તેમનાં કુટુંબી જનોની જુદા જુદા ક્ષેત્રે અપાયેલી સેવાને અંજલિ આપી હતી. આ ઉપરાંત શ્રી પ્રાણજીવન હ. ગાંધી, શ્રી રાયચંદ મ. શાહ, શ્રી મનુભાઇ કાપડિયા, શ્રી ગુલાબચંદ મુળચંદભાઇ વગેરેએ પણ પ્રસંગાનુકુળ પ્રવચનો કર્યાં હતાં. ઉપસંહારમાં પ્રમુખશ્રી હીરાલાલ જૂ. શાહે કહ્યું હતું કે શ્રી ધીરૂભાઈ કાપડિયાની કાર્યશક્તિનો ખ્યાલ ખરી રીતે તો મહારાષ્ટ્ર સરકારે એમને જે પી.ની માનવંતી પદવી એનાયત કરીને આપ્યો છે એ માટે આપણે મહારાષ્ટ્ર સરકારનો આભાર માનવો જોઇએ. તથા ગોઘારી સમાજ અને ખાસ કરીને ભાવનગરના વતનીઓ શ્રી ધીરૂભાઇને મળેલ આ માનવંતી પદવી માટે ગૌરવ લે છે તેમ જણાવી શ્રી ગોઘારી જૈન સમાજની સંસ્થાઓને તેમની વિરાટ શક્તિનો, અનુભવનો, આવડતનો, લાગવગનો અને બુદ્ધિનો લાભ આપવા વિનંતી કરી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી પાટણ જૈન મંડળ તરફથી અપાતી શિક્ષણ-સહાય

**શ્રી પાટણ જૈન મંડળ તરફથી** પાટણના જૈન વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને શિક્ષણ માટે વિવિધ પ્રકારની સહાય આપવામાં આવે છે.

શિષ્યવૃત્તિ, લોન-શિષ્યવૃત્તિ, પાઠ્ય પુસ્તકો, મુંબઇ કાર્યાલય, ૭૭, મરીન ડ્રાઇવ, મુંબઇ-૧. માંથી તા. ૧-૬-૬૫ થી તા. ૨૧-૬-૬૫ સુધી અને મુંબઇની હોસ્ટેલ માટેના અરજી પત્રકો તા. ૧-૬-૬૫ થી ૧૫-૬-૬૫ સુધી તેમજ પાટણ ખાતેની હોસ્ટેલનાં પ્રવેશ-પત્રો તા ૨૫-૫-૬૫ થી તા. ૧૦-૬-૬૫ સુધી અને પાટણ ખાતે શિષ્યવૃત્તિ ઇ.નાં બધાંજ અરજીપત્રકો રા. રા. પ્રિન્સીપાલ, શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, ફાટીયા દરવાજા બહાર, પાટણ, એ સરનામેથી મળી શકશે.

---

## સ્વર્ગવાસ નોંધ

શેઠ શ્રી છોટુભાઈ રતનચંદ ચોકસી મુંબઈ ખાતે તા. ૧૭-૫-૬૫ સોમવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે તે જાણી અમો ઘણા દિલગીર થયા છીએ તેઓશ્રી ધર્મપ્રેમી અને સરળ મળતાવડા સ્વભાવના હતા આ સભા પ્રત્યે તેઓશ્રી ખૂબ લાગણી ધરાવતા હતા વર્ષોથી તેઓશ્રીએ ટ્રસ્ટી તરીકે પોરવાડ જૈન મંડળના પ્રમુખ તરીકે પ્રશંસનીય સેવા આપી છે તેઓશ્રી આ સભાના પેટ્રન હતા પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

મોરબી નિવાસી શેઠ નગીનદાસ ગીરધરલાલ મુંબઈ ખાતે તા. ૩-૫-૬૫ સોમવાર ના રોજ સ્વર્ગવાસી થયેલ છે તે જાણી અમો ઘણા દીલગીર થયા છીએ તેઓશ્રી સ્વભાવે મિલનસાર અને ધર્મપ્રેમી હતા તેમજ તેમણે જૈન સિદ્ધાંતોનો ખુબ પ્રચાર કર્યો હતો તેમના આત્માને ચિરઃ શાન્તિ મળે એજ પ્રાર્થના

મોરવાડા નિવાસી સંઘાણી કાળિદાસ નેમચંદ સંવત ૨૦૨૧ના વૈશાખ વદિ ૫ ને ગુરૂવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે તે જાણી અમોને અત્યંત ખેદ થયેલ છે તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા અને સભા પ્રત્યે લાગણી ધરાવતા હતા તેમનાં આત્મા ચિર-સ્થાયી શાંતિ પામો એજ અભ્યર્થના

---


## ભાડે આપવાનું છે

ભાવનગર ખારગેટ-દાઉદજીની હવેલી પાસે સભાનું એક ચાર માળનું મકાન આવેલ છે. આ મકાનનો ત્રીજો-ચોથો માળ ભાડે આપવાનો છે. ભાડે રાખવા ઈચ્છનાર ભાઇઓએ નીચેના સ્થળે મળવું.

## શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

| બનાવનારા | | બનાવનારા |
|---|---|---|
| બારજીસ | | રોલીંગ શટર્સ |
| લાઇફ બોટસ | | ફાયર પ્રૂફ ડોર્સ |
| ટગ્ઝ | શીપ | રોડ રોલર્સ |
| ડ્રેજર્સ | બીલ્ડર્સ | વ્હીલ બેરોઝ |
| પેસેન્જર વેસલ્સ | અને | રેફ્યુઝ હેન્ડ કાર્ટસ |
| પોન્ટૂન્સ | એન્જીનીઅર્સ | પેલ ફેન્સીંગ |
| મૂરીંગ બોયઝ | | લેડ-યુલાઇટ ( લેહવુલ ) |
| બોયન્ટ એપરેટસ વિગેરે | | મેગ્નેટીક સેપરેટર્સ વિગેરે |

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું પ્રા. લી.

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેકટર્સ : શ્રી મોહનલાલ ભાણજી શાપરીઆ

શ્રી અમૃતલાલ ભાણજી શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઇ નં. ૧૫ (ડીડી)
ફોન નં. ૬૦૦૭૧/૨
ગ્રામ : "શાપરીઆ" શીવરી, મુંબઇ

એન્જીનીઅરીંગ વર્કર્સ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન
મુંબઇ નં. ૧૨ (ડીડી)
ફોન નં. ૪૦૪૦૮
ગ્રામ : "શાપરીઆ" પરેલ, મુંબઇ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ જિનવાણી | .... .... .... ... | .... ૧૩૯ |
| ૨ જ્ઞાની, અજ્ઞાની અને શુષ્કજ્ઞાનીની વાણીમાં ભેદ.... | જિજ્ઞાસુ | ૧૪૦ |
| ૩ જીવનનું સાચુ મૂલ્ય | ... પૂ. શ્રી કેદારનાથજી | ૧૪૧ |
| ૪ અહંકાર | ... સુંદરજી રૂગનાથ બારાઇ | ૧૪૩ |
| ૫ ધર્મનો બહિષ્કાર | .... મુનિકુમાર ભટ્ટ | ૧૪૫ |
| ૬ ધનનું સન્માન યાને રામદાસની જીવનકથા .... | મુનિશ્રી પદ્મસાગર | ૧૪૭ |
| ૭ દુઃખી જગત | .... આ. શ્રી વિજયકસ્તૂરસૂરિ | ૧૫૧ |
| ૮ જૈન જગત | .... .... .... .... | ... ૧૫૫ |


## સભાનો વાર્ષિક જન્મ-ઉત્સવ

આ સભાનો ૬૯મો વાર્ષિક ઉત્સવ દર વર્ષની જેમ આ વર્ષે પણ તાલધ્વજ ગિરિ ઉપર જેઠ શુદિ આઠમ તા. ૬-૬-૧૯૬૫ રવિવારના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી તાલધ્વજ ગિરિ ઉપર સ્વ. શેઠ મુળચંદભાઈ નથુભાઇ તરફથી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી. તેમજ સ્વ. વોરા હઠીસંગ ઝવેરભાઇ તરફથી મળેલ રકમના વ્યાજ તથા તેમનાં ધર્મપત્ની હેમકુંવરબેને આપવાના રકમના વ્યાજ વડે સભાના સભ્યોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ ઉપર ભાવનગરથી સભાસદ ભાઇબહેનો સારી સંખ્યામાં પધાર્યાં હતાં. સવારના ચાપાણી નાસ્તા વગેરેનું ખર્ચ સભાના સભ્ય શેઠશ્રી જેઠાલાલ મોરારજીભાઇ મહેતાએ આપી સ્વામીભક્તિનો લાભ લીધો હતો.

## જૈન વિદ્યાર્થિની સ્કોલરશિપ

ગુજરાત અને મહારાષ્ટ્ર એસ. એસ. સી. બોર્ડ તરફથી છેલ્લા માર્ચ માસમાં લેવાયેલ એસ. એસ. સી. ની પરીક્ષામાં સૌથી વિશેષ ગુણ પ્રાપ્ત કરનાર અને કોલેજમાં આગળ અભ્યાસ કરનાર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થિનીને રૂપિયા અઢીસોની **"શ્રીમતી લીલાવતી ભોળાભાઇ મોહનલાલ ઝવેરી જૈન સ્કોલરશિપ"** આપવામાં આવશે. આ સ્કોલરશિપ એક વિદ્યાર્થિનીને આપવામાં આવે છે. આ માટેનું નિયત અરજીપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, (ગોવાળીઆ ટેન્ક રોડ, મુંબઈ-૨૬)ના કાર્યાલયેથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૫ મી જુલાઇ છે.

## આ સભાના નવા લાઇફ મેમ્બર

શેઠશ્રી ધીરુભાઇ ગુલાબચંદ કાપડિયા જે. પી. મુંબઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

## ખાસ અગત્યની વિનંતી

આ સભા તરફથી આજસુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઇંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમાં નથી, માત્ર સાઠથી પણ ઓછા ગ્રંથો સ્ટોકમાં છે અને તેમાં પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ થોડી નકલો સ્ટોકમાં છે. હાલ જે ગ્રંથો સ્ટોકમાં છે તેમાંના સંસ્કૃત વિભાગની અગત્યની યાદી નીચે આપવામાં આવેલ છે. આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવાં જેવાં છે. તો જેઓએ તે વસાવેલ ન હોય, તે પોતાના જ્ઞાન–ભંડારમાં તરત વસાવી લ્યે તેવી અમારી ખાસ વિનંતી છે. નીચે દર્શાવેલ કીંમતે ગ્રંથ સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે અને ખાસ સગવડ તરીકે તેમાં સાડાબાર ટકા કમિશન કાપી આપવામાં આવશે.

૧ वसुदेव हिन्डी : (દ્વિતીય અંશ) ૧૦–૦૦

૨ आ. देवेन्द्रसूरिकृत टीकायुक्त कर्मग्रंथ भा. २जो (પાંચ અને ૭) ૬–૦૦

૩ जैनमेघदूत ૨–૦૦

૪ प्रकरण संग्रह (પ્રતાકારે) (જેમાં સિંદુર પ્રકરણ મૂળ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ, ગુણસ્થાનક્રમારોહ મૂળ છે.) ૦–૫૦

૫ त्रिषष्ठी पर्व भा. ૧લો. (મૂળ સંસ્કૃત) ૬–૦૦

૬ ,, भा. २जो ( ,, ) ૮–૦૦

૭ ,, (પ્રતાકારે) ૧૦–૦૦

आ. श्री विजयदर्शनसूरिकृत टीकायुक्त

૮ सम्मतितर्क महार्णवतारिका........ ૧૫–૦૦

૯ तत्त्वार्थाधिगमसूत्रम्............. ૧૫–૦૦

**લખો :—શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર :**

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રણ સ્થાન: આનંદ પ્રિન્ટીંગ પ્રેસ સ્ટેશન રોડ,–ભાવનગર.

For Private And Personal Use Only